# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

૬૬

૬. ગાઢવી (ડાંગ જિલ્લો)

: અહેવાલ લેખન :

ડૉ. સિદ્ધરાજ સોલંકી

મુસ્તાઅલી મસવી

સંપાદન

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

66

૧૯૮૦

# રિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

ઈ. ગાઢવી (ડાંગ જિલ્લો)

**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

ડૉ. સિદ્ધરાજ સોલંકી

મુસ્તાઅલી મસવી

**ક્ષેત્ર સંશોધન**

ાસ બિહારી લાલ

ડૉ. સિદ્ધરાજ સોલંકી

નુભાઈ નાયક

ુસ્તાઅલી મસવી

ૌરીશ પંડ્યા

ંપકલાલ ચૌધરી

ોખાભાઈ પટેલ

**ષ્ટકીકરણ**

. સિદ્ધરાજ સોલંકી

સ્તાઅલી મસવી

રીશ પંડ્યા

ગોવિંદભાઈ પટેલ

પકલાલ ચૌધરી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

66

૧૯૮૦

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧ | ગાઢવી (જિલ્લો ડાંગ) પરિચય | ૧ |
| ૨ | ગાઢવી - ૧૯૬૯ | ૨૪ |
| ૩ | ગાઢવી - ૧૯૬૯ - ૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ | ૫૮ |


...

# કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | કોઠા નંબર | કોઠાનું નામ | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૧ | ૧.૧ | ગામની જમીનની વિગત દર્શાવતો કોઠો | ૧૯ |
| ૨ | ૧.૨ | પાક, ફુલવારો દર્શાવતો કોઠો | ૨૦ |
| ૩ | ૧.૩ | ગામના ખાતેદારોનું જમીન ધારણ પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો કોઠો | ૨૧ |
| ૪ | ૧.૪ | ગામની શાળામાં જાતિવાર અને ધોરણવાર ભણતા બાળકોની સંખ્યા | ૨૩ |
| ૫ | ૨.૧ | કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ | ૨૫ |
| ૬ | ૨.૨ | જાતિઓ પ્રમાણે જુદા જુદા ગોત્રોનો ગામમાં વસવાટ | ૨૬ |
| ૭ | ૨.૩ | જાતિવાર અને ગોત્રવાર કયા સ્થળેથી આવીને ગામમાં વસવાટ કર્યો | ૨૮ |
| ૮ | ૨.૪ | કુટુંબના સભ્યો નું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૩૨ |
| ૯. | ૨.૫ | તપાસેલ કુટુંબો માં જાતિવાર અક્ષરજ્ઞાન | ૩૫ |
| ૧૦ | ૨.૬ | જમીન ધારણના કદ પ્રમાણે નમૂનાના કુટુંબનું વર્ગીકરણ (એકરમાં) | ૩૭ |
| ૧૧ | ૨.૭ | પાક હેઠળનો વિસ્તાર અને એકરદીઠ ઉત્પાદન દર્શાવતો કોઠો | ૩૮ |
| ૧૨ | ૨.૮ | નમૂનાનાં કુટુંબો નું કુલ ખેતી ખર્ચ | ૪૦ |
| ૧૩ | ૨.૯ | કુટુંબદીઠ પશુધન | ૪૧ |
| ૧૪ | ૨.૧૦ | જમીન ધારણના કદ પ્રમાણે ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબો ની સંખ્યા | ૪૩ |
| ૧૫ | ૨.૧૧ | જમીનના કદ પ્રમાણે સાધનવાર વાર્ષિક કુટુંબદીઠ આવક | ૪૫ |
| ૧૬ | ૨.૧૨ | જમીન ધારણના કદ, આવકજૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા | ૪૭ |
| ૧૭ | ૨.૧૩ | જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક વપરાશ(રૂ.માં) | ૪૮ |
| ૧૮ | ૨.૧૪ | આવક પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૫૦ |
| ૧૯ | ૨.૧૫ | જમીન ધારણના કદ પ્રમાણે સાધનવાર અને હેતુવાર દેવાદાર કુટુંબદીઠ દેવું | ૫૨ |
| ૨૦ | ૨.૧૬ | આવકજૂથ પ્રમાણે સાધનવાર અને હેતુવાર દેવાદાર કુટુંબદીઠ દેવું | ૫૩ |

## પ્રકરણ-૧
## ગાઢવી (જિલ્લો ડાંગ)

### પ્રસ્તાવિક:

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિમાં પર અભ્યાસગ્રંથ રચવાનું હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી જુદી જુદી જાતિઓના ગામો પસંદ કરવામાં આવ્યા હતા. ગુજરાતની સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિના ગામો પણ જુદા જુદા વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાંથી ગાઢવી ગામ ભીલજાતિના અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યુ હતું. કેન્દ્ર ૧૯૭૯માં આ બધા ગામોની પુન:મોજણીનું કાર્ય હાથ પર લીધુંહતું. ગાઢવી ગામની પણ પુન:મોજણી કરવામાં આવી હતી.

### તપાસનો ઉદ્દેશ્ય:

ગામમાંથી દસ વરસ પહેલા જે કુટુંબોને પસંદ કરવામાં આવ્યા હતા તેના તે જ કુટુંબોને પુન:મોજણી ટાણે આવરી લેવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. દસ વરસના ગાળા દરમ્યાન આ કુટુંબોની આર્થિક સ્થિતિમાં કયા પ્રકારના પરિવર્તનો થયા છે અને સમગ્ર ગામમાં ફેરફારો થયા છે કે કેમ વગેરે જાણવાનો ઉદ્દેશ રખાયો હતો.

### તપાસ પધ્ધતિ:

આ ગામની તપાસ સર્વે પધ્ધતિથી હાથ ધરવામાં આવી હતી અને સાથોસાથ સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ

તપાસમાં માત્ર સંખ્યાધિક દૃષ્ટિએ માહિતી એકઠી કરવામાં આવી નથી પરંતુ ગુણાત્મક પાસાંને પણ સરખું મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ તપાસ માટે પહેલા સર્વેક્ષણની જેમ એક પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી હતી અને તે દ્વારા તેમના જીવનના આર્થિક-
-સામાજિક પાસાંઓ વિશે માહિતી એકત્ર કરવામાં આવી હતી. (પ્રશ્નાવલિ સાથમાં જોડેલ છે)

ગામની ભૌગોલિક રચના:
-----------------

ગુજરાત રાજ્યમાં આદિવાસી ડાંગી ભીલજાતિના અભ્યાસ માટે ડાંગ જિલ્લામાંનું ગાઢવી ગામ પસંદ કરવામાં આવ્યું હતું. અંગ્રેજી શાસનકાળથી જૂના મુંબઇ રાજ્યમાં અને હાલ ગુજરાત રાજ્યમાં અગત્યનું સ્થાન ધરાવતા આ નાનકડા જિલ્લાનો વિસ્તાર ૧૭૮૫ ચોરસ કિલોમીટર છે. તેમાં નાના મોટા બધા મળીને ૩૧૨ ગામડાં છે. જેની ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસતિ ૭૧૫૬૭ જેટલી છે, તેમાં ૬૬૨૨૩ આદિવાસીઓની વસતિ છે અને બાકીના અન્ય છે જેઓ ધંધા અર્થે આવેલા લોકો છે. તેઓ મોટેભાગે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના આજુબાજુના જિલ્લાઓના છે.

ગુજરાત રાજ્ય જંગલોથી ભરપૂર નથી જ્યારે રાજ્યનો અમુક ભાગ જંગલનો પ્રદેશ છે જે આર્થિક રીતે ઉપયોગી નથી. ગુજરાત રાજ્યમાં અમુક વિસ્તારમાં જંગલો આવેલા છે. જેમાં ગીરના જંગલો જુનાગઢમાં આવેલા છે અને પશ્ચિમમાં સરહદનો વિસ્તાર કે જે ઉત્તરમાં બનાસકાંઠાથી શરુ થઇને સાબરકાંઠા, પંચમહાલ વડોદરા અને ભરુચમાં સુરત સુધી અને દક્ષિણમાં ડાંગ સુધી આવેલો છે. ડાંગ જિલ્લો સંપૂર્ણ રીતે ટેકરીઓથી ભરપૂર છે અને ૬૮૯૦ માઇલના વિસ્તારમાં જંગલો આવેલા છે. અને આખા રાજ્યમાં સારામાં સારા જંગલો આ જિલ્લામાં આવેલા છે. ડાંગ શબ્દનો અર્થ



પણ જંગલ જ થાય છે. ( The term Dangs itself means forests )
ગાઢવી ગામ આ જંગલ વિસ્તારના કેન્દ્રમાં આવેલું છે, જ્યાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ છે.

ડાંગ જિલ્લામાં ડાંગ તાલુકો જિલ્લાના નામથી જ ઓળખાય છે. અને તાલુકો સંપૂર્ણ રીતે ગ્રામ્ય વિસ્તારનો બનેલો છે. ગાઢવી ગામની આજુબાજુ ઉંચા જંગલોથી છવાયેલું છે. અને ગીચ જંગલમાં આવેલું છે. ગામ સહયાદ્રિ હારમાળાઓની બહારના ભાગમાં વસેલું છે. ગામ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. રૂઇમલ, ખંડેરપાડા અને ચિભડી-
યાપાડા. ચિંભડીયાપાડા એ અગલા બે વિભાગથી એક માઇલ પર આવેલું પરગણુ છે. મોટાભાગના કુટુંબો રૂઇમલ પરગણામાં વસે છે. થોડાઘણાં કુટુંબો ચિભડીયાપાડામાં વસે છે. ખંડેરપાડા એ ખંડેર વિસ્તાર છે જ્યા થોડા કુટુંબોનો વસવાટ છે.

ગાઢવી ગામ બે માઇલના વિસ્તારમાં વસેલું છે. ગામની ડાબી બાજુએ અમુક કુટુંબો રહે છે જ્યારે વચ્ચે ગામનો સીધો રસ્તો છે અને જમણી બાજુએ અમુક કુટુંબો વસવાટ કરે છે. ગામમાં કોઇ પાકો કે મોટરરોડ બાંધેલ નથી. ગામના લોકો એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં પગ રસ્તે ચાલીને જાય છે. ગાઢવી ગામનો અભ્યાસ ૧૯૬૧માં વસતિ ગણતરી ખાતા દ્વારા કરવામાં આવ્યો હતો. ૧૯૬૯માં આ ગામ પસંદ કરવા પાછળનું કારણ એ પણ હતું કે ૧૯૬૧-૬૯ ના આઠ વર્ષમાં ગાળામાં ગામમાં શું ફેરફારો થયા છે તે જાણી શકાય. આથી ડાંગ જાતિનો સાંસ્કૃતિક અભ્યાસ તેમજ તેમની આર્થિક સ્થિતિની સરખામણી થઇ શકે એ આશયથી આ ગામ પસંદ કરવામાં આવેલ હતું. ગામનો અભ્યાસ વસતિ ગણતરી ખાતા દ્વારા ૮મી નવેમ્બર

૧૯૬૦માં શરુ કરવામાં આવ્યો હતો અને ૧૯૬૦ની ૩૧મી ડીસેમ્બરના રોજ સંપૂર્ણ થયો હતો. તપાસ દરમ્યાન ગામમાં વસતા કુલ ૧૪૩ કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા.

ગાઢવી ગામ આજુબાજુ જંગલ વિસ્તારમાં આવેલું છે. ગામની આજુબાજુ ૧૦૦ થી ૧૨૫ ફૂટ ઊંચા સાગનાં જંગલો આવેલાં છે. ગાઢવી ગામ જિલ્લાના મુખ્ય મથકે આહવાથી ૧૧ માઇલ દૂર છે, અને લશકરીઆંબા ગામ આહવા નવાપુર માર્ગ પર આવેલું છે. ત્યાંથી ૮ માઇલ દૂર છે. ગાઢવી ગામની ઉત્તરે મોટી કાસાડ ગામ આવેલું છે. દક્ષિણમાં 'આહવા', પશ્ચિમમાં કોટબા અને પૂર્વમાં જામલાપાડા ગામો આવેલાં છે.

૧૯૬૧ની તપાસ વખતે ગામમાં વાહનવ્યવહારની કોઇ સગવડ નહોતી. અને ગામ સાથે જિલ્લાના વાહનવ્યવહારનો કોઇ માર્ગ નહોતો. બહારથી આવેલ યાત્રાળુને ગામમાં જવા માટે લશકરીઆંબા બસસ્ટોપથી ૮ માઇલ ચાલીને ગામમાં આવવું પડતું હતું. આજથી ૨૦ વર્ષ પહેલા ગામમાં વાહનવ્યવહાર કે સંદેશાવ્યવહારની કોઇ વ્યવસ્થા નહોતી. સ્વાતંત્ર્ય પછી ડાંગના જંગલ વિસ્તારને પાકા રસ્તા દ્વારા સાંકળવામાં આવ્યો છે. હાલમાં બિલિમોરાથી આહવા ૬૦ માઇલનો મેઇન રોડ બાંધવામાં આવ્યો છે. જ્યાંથી બસ નિયમિત રીતે કરે છે. બીજો આહવાથી નાસિક (મહારાષ્ટ્ર) સુંદર રસ્તો બાંધવામાં આવેલ છે. જ્યારે બિલિમોરાથી વઘઇ નેરોગેજ રેલ્વેલાઇન અહીં નાખવામાં આવેલ છે. તાલુકાના અંદરના ભાગો જેવા કે સાપુતારા વગેરે સ્થળે બસ દ્વારા જઇ શકાય છે. ગાઢવી ગામ પર પહોચવા માટે વસ્તી ગણતરી ખાતાની તપાસ દરમ્યાન વાહનવ્યવહારની કોઇ સગવડ ઉપલબ્ધ નહોતી. લશકરીઆંબા બસસ્ટોપથી ૮ માઇલ દૂર પગે ચાલીને જવું પડતું હતું. જ્યારે કેન્દ્રની પ્રથમ તપાસ સમયે આહવાથી મહાલ જતી બસ ગાઢવીના બસસ્ટોપ આગળ ઉભી રહેતી હતી. બસસ્ટોપથી ગામ અંદરના



ભાગમાં ૧ માઇલ દૂર ચાલીને જઇ શકાય છે. આમ હાલમાં ગામ પર જવા માટેની બસવ્યવસ્થા થઇ છે. આ બસ સાંજે હાહવાથી ઉપડે છે, જ્યારે સવારે પાછી જાય છે. આમ દિવસમાં એક જ સમય પૂરતી બસની સગવડ શરૂ થઇ છે.

ગામમાં વસ્તી ગણતરીખાતાની તપાસ વખતે તાર-ટપાલની કોઇ સીધી સગવડ નહોતી. પહેલાં અઠવાડિયામાં ત્રણ વખત [illegible]નખલ પોસ્ટ ઓફિસ જે ગામથી ૬ માઇલ દૂર આવેલ છે ત્યાંથી ટપાલ લઇ જવામાં આવતી હતી. હાલમાં ગામમાં દરરોજ ટપાલ આવતી થાય છે. ગામની નિશાળના શિક્ષક આ કામ સંભાળે છે.

**ગામનો ઇતિહાસ:**

આ ગામમાં પહેલા ભીલ, કુનબી અને વારલી આદિવાસી જાતિઓ આવીને વસી હતી. આ એકજ ડાંગનો વિસ્તાર છે કે જ્યાં ડાંગ આદિમ જાતિની કાયદેસર સત્તા હતી. ડાંગને ૧૯૪૯માં મુંબઇ રાજ્યમાં જોડી દેવામાં આવ્યું હતું. ગાઢવીનો ભીલ રાજા એ ડાંગના રાજાઓ અને નાયકોમાં પ્રથમ સ્થાને ગણાતો. આ માજી રાજાને દર વર્ષે રૂ.૧૮૫૦૦/- નું પેન્શન મળે છે. આ ભીલ રાજાઓના નાના અગેવાનો હતા જેઓ તેમની જાતિ, વારલી અને આર્થિક રીતે સમૃધ્ધ કુનબી ખેડૂતો પર અમુક સત્તા ભોગવતા હતા. બ્રિટીશકાળ દરમ્યાન ડાંગના સમૃધ્ધ જંગલનો લાભ લેવા માટે ૧૮૬૨માં બ્રિટીશરોએ ડાંગના રાજાઓ સાથે કરાર કરી જંગલ કાપી લઇ, તે વેચી અઢળક પૈસા કમાયા હતા. આ ઉપરાંત રાજાઓ એમની પાસે અમુક હકક રાખતા હતા. પહેલાથી જ ભીલો જંગલની પેદાશો એકઠી કરી જીવન જીવતા હતા અને નાની જુવાર (નાગલી) ટેકરાની ઉપર પોતાના જુનવાણી સાધનો દ્વારા કરતા હતા. અને

તેમની પ્રજાનો અમુક ભાગ સારી રીતે હળથી ખેતી કરતો હતો. તેમની પર લાગો (ટેક્ષ) નાખવાની સત્તા રાજાઓના હાથમાં હતી. રાજા અને રૈયત વચ્ચે સંબંધો સારા ન હતા. ઘણીવાર રાજા પોતાના હજુરિયા દ્વારા રૈયત પર ત્રાસ ગુજારતા હતા. ગાઢવીનો રાજા લગભગ ૮૦ ગામો પર સત્તા ભોગવતો હતો.

સ્વાતંત્ર્તા પછી પોતાની સત્તા છોડી દીધા પછી ભીલ રાજાઓ પોતાની ઉદાસીન અને આળસને કારણે તેમની રૈયતની કક્ષાએ ખેતીના વિકાસ માટે કોઇ પગલા લીધા નહિ. તેમની ખેતીની પધ્ધતિ જુનવાણી હતી અને ખેતીની આવક ઘણી જ ઓછી હતી. ૧૯૫૩ સુધી તેમના પહેલાના રૈયતની સરખામણીએ તેમની રહેણીકરણી ઘણી ઉતરતી હતી. વસતીમાં મુખ્યત્વે ભીલો, કુનબી અને વારલી હતા. એક બાજુએ ભીલ લોકો રાજકીય રીતે તેમની પગતિવાદી રૈયત પર સત્તા ભોગવતા હતા જ્યારે બીજી બાજુએ વારલી અને કુનબી ધાર્મિક રીતે તેમની હિન્દુ જાતિના વંશજો માનતા હતા અને સામાજિક દરજ્જામાં ભીલો કરતા ઉંચા માનતા હતા. અને તેઓ ભીલના હાથેથી ખાવાની ના પાડતા હતા અને તેમની જ્ઞાતિના કોઇ માણસ ભીલની છોકરી સાથેસંબંધ બાંધે તો તેને નાત બહાર કાઢી બહિષ્કાર કરતા હતા. આમ ભીલો કરતા વારલી અને કુનબી પોતાની ઉંચા માનતા હતા. ભીલની સરખામણીએ વારલી અને કુનબી આર્થિક રીતે સધ્ધર હતા. તેમની ખેતી પણ સારી હતી.

આબોહવા–વરસાદ:
--------------

ડાંગ જિલ્લાનું હવામાન જાન્યુઆરીથી માર્ચ મહિના સુધીમાં ઘણું જ ખુશનુમા હોય છે. અને આ સમય દરમિયાન જિલ્લામાં ફરવા માટેનો સમય સારો ગણી શકાય.



જ્યારે માર્ચથી મે મહિનામાં વધુ ગરમી પડે છે. ઉનાળામાં સૌથી વધુ ઉષ્ણતામાન ૪૨.૨૨° સેન્ટીગ્રેડ અને ઓછામાં ઓછું ૨૨ ૨૨ સે.ગ્રે. હોય છે. જ્યારે શિયાળામાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીમાં ઉષ્ણતામાન ૧૫° સેન્ટીગ્રેડથી નીચે જતું નથી અને ૩૨° સેન્ટીગ્રેડથી વધુ રહેતું નથી.

સામાન્ય રીતે વરસાદની શરુઆત જુન માસમાં થાય છે. જોકે મે માસમાં વરસાદના ઝાપટા પડે છે. જ્યારે જુલાઇથી સપ્ટેમ્બર માસમાં ભારે વરસાદ પડે છે. સરેરાશ જિલ્લામાં ૯૦" – ૧૦૦" વરસાદનું પ્રમાણ રહે છે. ગુજરાત રાજ્યમાં ડાંગ જિલ્લામાં બધા જિલ્લાઓ કરતાં સૌથી વધુ વરસાદ પડે છે. વરસાદનું પાણી નાના ઝરણાઓ મારફતે વહીને જિલ્લાની અંબીકા અને પુરાણની મોટી નદીઓમાં જાય છે.

આ વિસ્તારમાં ભારે વરસાદ પડે છે. તેમ છતાં અમુક ભૌગોલિક પરિસ્થિતિને કારણે ઉનાળામાં પાણીની અછત રહે છે. ઉનાળામાં નાના ઝરણાઓ અને નદીઓના પાણી સૂકાઇ જાય છે અને પાણીની તંગી રહે છે. ગાઢવી ગામમાં પાણીના બે-ત્રણ કૂવાઓ હતા. જેમાંથી પીવા માટેનું પાણી લાવતા હતા. આ બધા બધા કૂવાઓનું પાણી ઉનાળામાં સૂકાઇ જવાને લીધે ઘણી જ મુશ્કેલી રહેતી હતી.

આમ એક બાજુએ જિલ્લામાં ઘણો જ વરસાદ પડે છે જ્યારે બીજી બાજુ ઉનાળામાં પાણીની અછતના કારણે પીવા માટેનું પાણી પણ મળતું નથી.

જંગલો:
-----

ડાંગ જિલ્લો જંગલોથી ભરપૂર છે. તેમાં ઇમારતી લાકડા માટે વખણાતો સારો એવો સાગ છે. પહેલા ડુમસી સાગ તરીકે પરદેશમાં પણ જાણીતો હતો. અહિંનો સાગ મલબારના સાગની બરોબરી કરે તેવી સારી કક્ષાનો છે. તે સિવાય

સિસમ, ધામડ, સાદડો, તણસી, ખેર, બેહદો, ખાખરા વગેરે પ્રકારના અન્ય ઇમારતી અને જલાઉ લાકડાના ઝાડો પુષ્કળ પ્રમાણમાં છે. નાનવેલ અને કાસર એમ બે પ્રકારના વાંસ છે. કાસર પહેલા પ્રકારનો વાંસ કાંટાવાળો હોય છે. જ્યારે બીજા પ્રકારનો વાંસ કાટાં વગરનો હોય છે. આ જાતના વાંસ તમામ વિસ્તારમાં આવેલા છે.

પહેલા જંગલોની સમૃધ્ધ તમામ પ્રદેશોની માલિકી ડાંગના સ્થાનિક આદિવાસી ભીલ રાજાઓની હતી. તેમાં પાંચ મુખ્ય રાજાઓ અને નવ નાયકા (સરદાર) એવા એ ડાંગના ચૌદ ભાગીદારો હતા. બ્રિટીશ કાળ દરમ્યાન ડાંગના આ અમુલ્ય વનશ્રીનો લાભ લેવા ખાતર બ્રિટિશરોએ ડાંગના રાજાઓ સાથે કરારો કરી જંગલો કાપી લઇ તે વેચી, પૈસા કમાતા હતા. આ પૈસાના માલિકો બ્રિટીશ પોતે ગણાતા. તેથી ડાંગના રાજાઓએ તેઓને ત્રાસ આપવાની શરુઆત કરી. આ રીતેનો ત્રાસ વધતા તેઓને સાલિયાણાની લાલચ આપી ડાંગનો આખો પ્રદેશ ઝુંટવી લીધો. પછીથી તેઓની કારકિર્દી દરમ્યાન ડાંગના આખા પ્રદેશના અનમાત અને રક્ષિત જંગલ એમ બે ભાગ પાડયા.

અનામત જંગલમાં લોકોને રહેઠાણ તેમજ ખેતી કરવાની મનાઇ છે. અનામત જંગલોને ઘણા વિભાગમાં વહેંચવામાં આવે છે જેને કુપ કહેવામાં આવે છે. જે જંગલ કોન્ટ્રાકટરને કાપવા માટે સોંપી દેવામાં આવે છે. આ જંગલનો વહીવટ તથા સંભાળની જવાબદારી જંગલખાતાની રહે છે. આ જંગલોની આવક ૧૯૫૦-૫૧માં ૨૨ લાખ રુપિયા હતી. જે વધીને ૧૯૫૫-૫૬ માં ૫૭ લાખ થઇ હતી અને ૧૯૬૦-૬૧માં તે વધીને ૧૨૨ લાખ જેટલી હતી.



ડાંગના જંગલોમાં હજુ પણ જંગલી પ્રાણીઓનો ડર રહે છે. ડાંગ પહેલા જંગલી પ્રાણીઓના શિકાર માટે સારામાં સારી જગ્યા ગણાતી હતી. જ્યારે આ વિસ્તારમાં પક્ષીઓ પણ સારા પ્રમાણમાં જોવા મળે છે. જુદી જુદી ઋતુઓમાં જુદી જુદી જાતના પક્ષીઓ આવે છે. આવા વિસ્તારના ઘણા જંગલો અને ટેકરીઓ દરિયાની સપાટીથી ૬૦૦૦ - ૮૦૦૦ ફુટ ઉંચા હોવાને લીધે રાજય સરકાર દ્વારા આવી જગ્યાઓને હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવી શકાય છે. સાપુતારા જે ૩૨૦૦ ફુટ ઉંચુ હોવાને કારણે અને ડાંગ ૩૫૦૦ ફુટ ઉંચુ હોવાને કારણે હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે.

વસતિ:
------

૧૯૬૦માં સેન્સસ દ્વારા ગાઢવી ગામની આર્થિક મોજણી કરવામાં આવી હતી પહેલી તપાસ દરમિયાન કુલ ૧૪૩ કુટુંબો હતા અને ૧૪૩ કુટુંબો તપાસવામાં આવ્યા હતા. ગાઢવી ગામમાં આદિવાસી અને બિન આદિવાસીઓની વસતિ છે. આદિવાસી વસતિમાં ભીલ, કુનબી, અને વારલી છે. જ્યારે બિનઆદિવાસીઓમાં તપાસ વખતે ૧ મુસ્લિમ, ૧ સુથાર અને ૧ સોની કુટુંબ હતું. હાલમાં તપાસ દરમિયાન બિનઆદિવાસી વસતિના ત્રણ કુટુંબો નહોતા. માત્ર ગામમાં આદિવાસી વસતિમાં ભીલ, કુનબી અને વારલીની વસતિ હતી. પહેલી તપાસ વખતે ૯૭.૯૦ ટકા આદિવાસી વસતિ હતી જ્યારે ૨.૧૦ ટકા વસતિ બિનઆદિવાસીની હતી. જ્યારે જિલ્લામાં આદિવાસીની વસતિ ૯૨.૫૫ ટકા છે અને રાજયમાં આદિવાસી વસતિ કુલ વસ્તીના ૧૩.૩૫ ટકા હતી.

પહેલી તપાસ મુજબ ગામની કુલવસતિ ૭૨૪ માણસોની હતી જેમાંથી અનુક્રમે ૩૬૭ પુરુષો અને ૩૫૭ સ્ત્રીઓ હતી. આમ સ્ત્રી-પુરુષનું પ્રમાણ લગભગ સરખું જ હતું. ભીલ વસતિ કુલ વસતિના ૫૪.૫ ટકા, કુનબી ૩૯.૨૦ ટકા, વારલી ૪.૨ ટકા અને બિનઆદિવાસી વસતિ ૨.૧૦ ટકા હતી. કુલ ૧૪૩ કુટુંબોમાંથી ૭૮ કુટુંબો ભીલના, ૫૬ કુટુંબો કુનબીના, ૬ કુટુંબો વારલીના અને બાકીના ત્રણ કુટુંબો બિનઆદિવાસીના હતા.

બીજી તપાસ દરમ્યાન ગામમાં કુલ ૧૭૨ કુટુંબો હતા. ગામમાં મુખ્યત્વે વસતિ આદિવાસીઓની હતી. બિનઆદિવાસીઓ એકેય કુટુંબ નહોતું. આદિવાસીઓમાં અનુક્રમે ભીલના ૧૯૦ કુટુંબો, કુનબીના ૬૦ કુટુંબો અને વારલીના ૧૨ કુટુંબો હતા. કુલ ૧૭૨ કુટુંબોમાંથી નમુના પધ્ધતિ દ્વારા કુલ ૬૮ કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. ૬૮ કુટુંબોમાંથી ૫૦ ટકા કુટુંબો ભીલના ૨૫ ટકા કુટુંબો કુનબી અને ૨૫ ટકા વારલી કુટુંબો પસંદ કરવામાં આવ્યા હતા. આમ કુલ ૬૮ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી.

ભીલ:
----

ડાંગનું જંગલ રામાયણના સમયથી ઓળખાય છે, અને જાણીતું છે. આ જંગલ વિસ્તારને રામાયણમાં દંડકારણ્ય (Dandkaranya ) નામથી ઓળખવામાં આવતું. એમ કહેવાય છે કે રામ, સીતા અને લક્ષ્મણ તેમના વનવાસના સમય દરમ્યાન અહીં રહેતા હતા. સત્યાગ્રહના સમય દરમ્યાન ઘણા સંતો અહીં આવી રહેતા હતા. મહાભારતના નાયક પાંડવોએ પણ આ જગ્યાની મુલાકાત લીધી હતી. ગુજરાતના છેલ્લા રાજા કર્ણ



પણ જતી વેળાએ ડાંગમાં આશરો લીધો હતો. ઘણા લાંબા સમય પહેલા ભીલ આદિવાસીઓ આ પ્રદેશમાં આવીને વસ્યા હતા. ભીલ રાજાઓ સત્તા ભોગવતા હતા જ્યારે કુનબી અને વારલી અને કોકણાઓ તેમની રૈયત હતી. ગાઢવી ગામનો રાજા ૮૦ ગામ પર સત્તા ભોગવતો હતો. અને સામંતશાહી પ્રથામાં નાયકોને સત્તા સોંપવામાં આવી હતી જે તેનો વહીવટ કરતા હતી. આમ ગાઢવીમાં સમગ્રપણે ભીલો સત્તા ભોગવતા હતા. જ્યારે તેમની રૈયત પ્રજા કુનબી અને વારલીઓ આર્થિક રીતે આગળ વધેલા હતા. કુનબી, વારલી અને ભીલ આદિવાસીઓ એક બીજાથી જુદા છે. જોકે અમુક સામાન્ય સંસ્કૃતિક વારસો તેમના ઉત્સવોના સમયમાં તેમના દૃષ્ટિગોચર થાય છે. કુનબી અને વારલીઓ ભીલોને તેમનાથી સામાજિક રીતે નીચા ગણે છે. આ ત્રણે જાતિઓ ડાંગી તરીકે ઓળખાય છે.

વારલી:
-------

વારલીઓ આ પ્રદેશમાં ઘણા લાંબા સમયથી રહેતા આવ્યા છે. According to Dr, Wilson, Varlies means uplanders' the name given in olden times to denote the residents of Varalat the sixth of the seven Konkans.
કોકણના ઉત્તરના ભાગને વારાલાટ ( Varalat ) તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં વારલી રહેતા હતા. મોટે ભાગે વારલી ધરમપુર અને વાંસદાના ટેકરાળ જંગલોમાંથી આવેલા છે. તેમની ભાષા પર ગુજરાતી ભાષાની અસર જોવા મળે છે. કેટલાક વારલીઓ માને છે કે તેઓ મૂળ દમણના નામનગર અને નગરહવેલીથી આવી અહીં વસ્યા છે. એન્થોવનના મત પ્રમાણે વારલી એ ભીલોની સમજાતિ છે. કારણ કે તેમના

ઘણા ચિહ્નો—લક્ષણો સમાન છે. ભીલો, વારલી અને કોળી અને અન્ય ગુજરાતની આદિવાસી જાતિ અને બંગાળના પશ્ચિમ વિભાગમાં વસતિ જાતઓ એક જ છે. આ જાતિના મૂળ વિશે વિદ્‌વાનોમાં અનેક મતભેદો પ્રર્વતે છે. એક મંતવ્ય પ્રમાણે વારલી નામ 'વારલા' પરથી ઉતરી આવ્યું છે. વારલા એટલે બ્રસવુડ ( Brushwood ) આનો અર્થ એ છે કે જાતિ તેમના ધંધા વિશે સજાગ છે અને તેમની જાતિનું નામ તેમના ધંધાની સાથે જોડે છે. વારલી પોતે એવું માને છે કે ઇશ્વરે તેમને સૌથી છેલ્લા પેદા કર્યા છે અને આ પછી ઇશ્વરની મુશ્કેલી દૂર થઇ ગઇ છે. મરાઠીમાં Vani નો અર્થ 'over' થાય છે. વારલીઓ આખા શરીર પર વાળ વધારે છે. ખાસ છાતી પર વાળ વધારે હોય છે. આ જ રીતે તેમને સતત કામને લીધે પગ પર વાળ રહેતા નથી. વારલીઓ માથુ મુંડાવતા નથી કારણ કે તેઓ એવું માને છે કે વાળના ગુચ્છા વગર શરીર સુંદર લાગતું નથી.

ઘરો:
----

ડાંગમાં વસતા આદિવાસીઓના ઘરો નાના હોય છે. અને તેઓ ગોળાકારમાં ઘર બાંધે છે. તેઓ ઘર માટે પથ્થરો, ઈંટો અને સીમેન્ટ કે ચૂનાનો ઉપયોગ કરતા નથી. મકાનનો આગળનો ભાગ ખુલ્લો રાખે છે. અને તેની પર ઘાસનું છાપરું બાંધે છે. સામાન્ય રીતે તેઓ વાંસના ઘરો બાંધે છે. છાપરુ ઘાસનું હોય છે અને આર્થિક રીતે સુખી લોકો છાપરા પર દેશી કે મેંગલોરી નળિયા નાખે છે. ઝુંપડાની દિવાલો વાંસમાંથી બનાવે છે. જેને તેઓ ખવાડા કહે છે. ખવાડા આજુબાજુ ઉભા કરવામાં આવે છે જે દિવાલની ગરજ સારે છે. ઘરના ભોંયતળિયે માટી અને છાણનું લીંપણ કરે છે. આ લીંપણ બે થી ત્રણ મહિના સુધી ચાલે છે. બે ત્રણ મહિના પછી ફરીથી લીંપણ કરવામાં



આવે છે. ભીલો કરતા વારલી તથા કુનબીના ઘરોની સ્થિતિ સારી હતી. કુનબી તથા વારલીઓના ઝૂંપડા મોટા હોય છે.

સામાન્ય રીતે ભીલોના ઝૂંપડાના છાપરાં ઘાસના હોય છે. વારલી અને કુનબીના ઝૂંપડા પર દેશી નળિયા અથવા તો મેંગલોરી નળિયા હોય છે. ડાંગીના મકાનો આકારમાં ગોળાકાર હોય છે. વચમાં એક ૧૦ થી ૧૨ ફૂટ ઊંચો વાંસ નાખવામાં આવે છે. અને એ વાંસ પર આખુ ઝૂંપડું ઉભુ કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરની વચ્ચે ચૂલો રાખવામાં આવે છે જ્યા રસોઇ કરવામાં આવે છે. ઝૂંપડામાં એક ખૂણે પીવાના પાણીના ઘડાં રાખવામાં આવે છે. ઝુંપડાઓ એકી સાથે જોવા મળતા નથી. ૫ થી ૧૦ ઘરો સાથે હોય છે. તો ઘણીવાર એક ઝૂંપડાથી બીજા ઝૂંપડાનું અંતર એક ફર્લાન્ગ જેટલું હોય છે. ઘરની આગળ ખુલ્લી જગ્યામાં ચોમાસામાં તેઓ શાકભાજીનું વાવેતર કરે છે. ઢોરોને માટે જુદી છાપરી બાંધવામાં આવતી નથી. ઘરના આગળના ભાગમાં ઘાસના સેડની નીચે ઢોરોને બાંધી રાખવામાં આવે છે.

દેખાવ-પહેરવેશ:
------------

ડાંગી પંચમહાલના ભીલોની જેમ શરીરે કદાવર છે. કુનબી, ભીલ અને વારલી આદિવાસી શરીરે નીચા, કાળી ચામડીના, મોટી આંખોવાળા અને ચપટા નાકવાળા હોય છે. તેમનો બાંધો મજબૂત અને કદાવર છે. સ્ત્રીઓ પુરુષની જેટલી મજબુત નથી પરંતુ સ્ત્રીઓ પુરુષની સરખામણીમાં વધારે મહેનતુ છે. જયારે પુરુષો આળસુ છે સ્ત્રીઓ દેખાવે આકર્ષક નથી.

બધી આદિવાસી જાતિઓ કુનબી, વારલી અને ભીલોનો પહેરવેશ એકસરખો છે. તેમાં કોઇ તફાવત જોવા મળતો નથી. પુરુષો મોટે ભાગે લંગોટી પહેરે છે. જ્યારે કેટલાક પુરુષો ધોતી પહેરે છે અને ધોતી ઘુંટણની ઉંચે રાખે છે. યુવાન છોકરાઓ લેંઘો બુશર્ટ, અને ગંજીફરાક પહેરે છે. કેટલાક પુરુષો કાળી બંડી પહેરે છે. અને માથા પર ફેંટો બાંધે છે. જ્યારે કેટલાક પુરુષો સફેદ ટોપી પહેરે છે. સ્ત્રીઓ મોટે ભાગે ૫-૬ વારની સરખી સાડી પહેરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ ઘેરા રંગની અને આકાશી, વાદળી રંગની સાડીઓ પહેરે છે. સ્ત્રીઓ સાડીને પાછળ કછોટો મારે છે. અને પાલવ ખભા ઉપર નાખતી નથી. અને તેને બદલે પાલવનો ભાગ કમર ઉપર બાંધી દે છે. મોટે ભાગે તેઓ અંદર બ્રેસીયર્સ પહેરતી નથી. તેમની ચોળીને બટન હોતા નથી. અને ચોળીના નીચા ભાગ પર ગાંઠ બાંધે છે. આ ઉપરાંત બે-ત્રણ વારની ઓઢણી માથા પર નાખે છે. યુવાન સ્ત્રીઓ ચોળીના બટન આગળ રાખે છે. જ્યારે નાના ભુલકા ભુલકીઓ ઉઘાડા ફરે છે. તેઓ ૫-૬ વર્ષની ઉંમરે લંગોટ પહેરે છે. છોકરા-છોકરીઓના વસ્ત્રો તેમના માતા-પિતાની જેમ સરખા હોય છે.

ડાંગી સ્ત્રીઓ મોટે ભાગે અંબોડો લે છે. અને અંબોડો એડવર્ડના સિક્કાનો બનાવાય છે. તેઓ હાથમાં બંગડીઓ પહેરે છે. બંગડીઓ સામાન્ય રીતે નિકલની બનાવેલ હોય છે જ્યારે મોટે ભાગે બંગડીઓ પ્લાસ્ટીક તથા કાચની હોય છે. નાકમાં વાળી (નથ) પહેરે છે. કાનમાં એરંગ પહેરે છે. કાનમાં કાન-કલીપ બાંધેલી પાંગરન બાંધે છે. અને સાંકળનો એક ભાગ કાન કલીપ સાથે જ્યારે બીજો ભાગ વાળની સાથે બાંધેલ હોય છે. ગળામાં જુદા જુદા સિક્કાનો બનાવેલ હાર પહેરે છે. મોટે ભાગે હાર ચાર આના, આઠ આના અને રુપીયાના સિક્કાના બનાવે છે.



પરણિત સ્ત્રીઓ હાંસડી પહેરે છે. સામાન્ય રીતે પગમાં તેઓ જોડા-ચંપલ પહેરતા નથી. પરંતુ કેટલીક સ્ત્રીઓ ઉત્સવો અને સારા પ્રસંગે પગમાં ઝાંઝર પહેરે છે. આ ઝાંઝર સામાન્ય રીતે ચાંદી તથા જસતના બનેલા હોય છે. પુરુષો સ્ત્રીઓ કરતા ઓછા ઘરેણાં પહેરે છે. પુરુષો હાથમાં ચાંદીનું કડું, અને ખમીસ અથવા બંડીમાં ચાંદીની સાંકળ બટન સાથે પહેરે છે. નાની છોકરીઓના કાન નાની ઉંમરે વીંધવામાં આવે છે. અને કાનમાં ઘાસનો રાડુ નાખવામાં આવે છે.

ઘરવખરીના સાધનો:
--------------

ડાંગી પાસે ઘરવખરીના સાધનોમાં ઘણી ઓછી વસ્તુઓ જોવા મળે છે. સામાન્ય રીતે તેઓ માટીના વાસણો વાપરે છે. કેટલાકની પાસે રાંધવાના એલ્યુમીનીયમના તપેલા જોવા મળે છે. સામાન્ય રીતે મોટા ભાગના કુટુંબો પાસે તાંબા અથવા પીતળના વાસણો જૂજ જોવા મળે છે. ઘરમાં ખાટલો હોય છે. મોટે ભાગે તેઓ વાંસમાંથી બનાવેલ ચટાઇ પર સૂઇ જાય છે. કેટલાક કુટુંબો પાસે ફાનસ છે. જ્યારે કેટલાકના ઘરે દિવો પણ નથી. ગામમાં બે ત્રણ કુટુંબની પાસે ટ્રાન્ઝીસ્ટર રેડિયો જોવા મળ્યો હતો. ઘરમાં દરેક કુટુંબ ઘંટી રાખે છે. માછલા પકડવા માટે 'આછવી' (માછલા પકડવાની જાળ) રાખે છે. આમ ઓછી ઘરવખરીના સાધનોથી ચાલે છે.

ખોરાક:
------

ડાંગી લોકો સખત પરિશ્રમ કરતા હોવાથી દિવસમાં ત્રણ વાર ખાય છે. એક વખત સવારમાં, બપોરે અને રાત્રે. તેમના ખોરાકમાં મુખ્યત્વે નાગલીના રોટલા છે. સામાન્ય રીતે તેઓ ખોરાકમાં નાગલીના રોટલા અને મરચાની ચટણી લે છે.

ઘણીવાર ચોખા અને નાગલીને સાથે ઉકાળીને ભાગર બનાવે છે. તેઓ હલકી જાતના ચોખા પકવે છે. અને ખાસ પ્રસંગે તેમજ ઉત્સવોમાં ચોખા, દાળ અને શાકભાજી ખાય છે. ચોમાસા દરમ્યાન પોતાના ઘરની પાસેની જગ્યામાં શાકભાજી ઉગાડે છે અને તેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત માંસ તેમજ મરઘા પણ લે છે. અને માછલી તથા ચોખા ખાસ પ્રસંગોએ લે છે. ખોરાકમાં દૂધ-ઘીનો ઉપયોગ ખાસ કરતા નથી. તેમના ઢોરો દૂધ પણ સારા પ્રમાણમાં આપતા નથી. ઘઉંનો વપરાશ કરતા નથી. તેઓ ઘણીવાર શિકાર કરીને તેતર, સસલા, મોર વગેરેનું માંસ ખાય છે. તેઓ ગાય અને ભેંસનું માંસ ખાતા નથી. ચોમાસાની શરુઆતમાં જ તેઓ અનાજનો સંગ્રહ કરી લે છે. અને અનાજ પુરુ લઇ ગયા પછી ઘણીવાર જંગલી કંદમુળો (કડવા કાંદા) પાંદડાઓથી પણ ચલાવે છે. તેઓ દારુ વધારે પ્રમાણમાં પીએ છે. આ ઉપરાંત બીડી-તમાકુ પણ પુષ્કળ પ્રમાણમાં લે છે. દારુ મહુડા તેમજ હલકી જાતના ગોળ તથા નવસારમાંથી બનાવે છે. આમ દારુની એમની આદતને લીધે આર્થિક રીતે કંગાલિયત વધુ દેખાઇ આવે છે.

**આર્થિક પ્રવૃત્તિ:**

ગાઢવી ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતી છે. જંગલની પેદાશ અને જંગલમજૂરી એ તેમનો પૂરક ધંધો છે. તેઓ જંગલમાં ખેતી કરે છે. તેમના ખેતરો જંગલમાં ટેકરીના ઢોળાવ પર હોય છે. જમીન પથરાળ અને અસમતળ અને પાણીની અછતને કારણે ખેતીમાંથી યોગ્ય ઉપજ મેળવી શકતા નથી.

૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે કુલ ૭૨૪ની વસતિમાંથી ૩૫૬ વ્યક્તિઓ કામ કરતી હતી. જે કુલ વસતીના ૪૯.૨ ટકા જેટલી ગણાય. કુલ વસતિમાં કામ



કરનાર પુરુષો-સ્ત્રીઓ અને કામ નહિ કરનાર સ્ત્રી-પુરુષોની સંખ્યા તથા ટકાવારી નીચે પ્રમાણે હતી.

| વસતિ | કુલ માણસો | પુરુષો | સ્ત્રીઓ |
| --- | --- | --- | --- |
| | ૭૨૪ | ૩૬૭ | ૩૫૭ |
| કામ કરનાર | ૩૫૬ | ૧૯૫ | ૧૬૧ |
| | (૪૯.૧૭) | (૫૩.૧૩) | (૪૫.૧૦) |
| કામ નહી કરનાર | ૩૬૮ | ૧૭૨ | ૧૯૬ |
| | (૫૦.૮૩) | (૪૬.૮૭) | (૫૪.૯૦) |

(કૌસમાંના આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

ઉપરના આંકડા પરથી જોઇ શકાય છે કે કુલ કામ કરતી વસતિ ૩૫૬ની હતી. જેમાંથી ૫૩.૧૩ ટકા પુરુષો અને ૪૫.૧૦ ટકા સ્ત્રીઓ કામ કરતી હતી. બીજા શબ્દોમાં કહીએ તો કામ કરનાર પુરુષો સ્ત્રીઓનું પ્રમાણ ૧:૦.૮૩ ટકાનું હતું.

ગાઢવી ગામમાં કામ કરનાર વસતિ ૪૯.૨ ટકા હતી જ્યારે ડાંગ જિલ્લાની ટકાવારી ૫૪.૭ ટકા હતી અને રાજ્યમાં કામ કરનાર વસતિ ૪૫.૦ ટકા હતી. આમ ગાઢવી ગામમાં કુલ વસતિમાં કામ કરતી વસતિની ટકાવારી રાજ્યની ટકાવારી કરતા વધુ હતી. અને જિલ્લાની ટકાવારી કરતા ઓછી હતી.

ગાઢવી ગામની કામ કરનાર વસતિ નીચે મુજબના જુદા જુદા ધંધામાં રોકાયેલ હતી. કુલ કામદારોમાંથી ખેડૂતો ૨૮૪ હતા. ખેતમજૂર ૩૯, ખાણ પશુપાલનના ધંધામાં ૧૭ અને ગૃહઉદ્યોગના ધંધામાં ૨ વ્યક્તિઓ રોકાયેલ હતી. જ્યારે વેપાર ઉદ્યોગમાં ૫ અને અન્ય ધંધાઓમાં ૯ વ્યક્તિઓ રોકાયેલ હતી.

જોકે મોટાભાગના કામ કરનારાઓ ખેતીમાં રોકાયેલ હતા. અને ખેતીમાંથી રોજી મેળવતા હતા. ૩૩ માણસો બિનખેતી વિષયક ધંધામાં રોકાયેલ હતા. જુદા જુદા ધંધામાં રોકાયેલ કામ કરનાર વસતિની ટકાવારી નીચે મુજબ હતી.

| | |
|---|---|
| ૧. ખેતી અને ખેતમજૂરી | ૯૦.૭૩ ટકા |
| ૨. જંગલ-પશુપાલન | ૪.૭૮ ટકા |
| ૩. અન્ય સેવાઓ | ૨.૫૩ ટકા |
| ૪. વેપાર ધંધા- ગૃહ ઉદ્યોગ | ૧.૯૬ ટકા |
| | ૧૦૦.૦૦ ટકા |

ઉપરના આંકડા પરથી જોઇ શકાય છે કે ગામમાં ગૃહઉદ્યોગ-વેપારધંધામાં કુલ વસતિમાં ઓછી વસતિ રોકાયેલ હતી. આમ ગામમાં આદિવાસી પ્રજા પાસે કોઇ ગૃહઉદ્યોગ નથી જેથી તેમની ખેતીની આવકમાં મદદરુપ થઇ શકે.

ગામના મોટાભાગના કુટુંબો ખેતીના ધંધામાં રોકાયેલ હતા. આ ઉપરાંત ખેતમજૂરી, નોકરી સિવાય બીજો કોઇ મદદગાર ધંધો નહોતો. આમ તેઓ ખેતી સિવાય જંગલમજૂરી વગેરે પર આધાર રાખતા હતા.



ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો હતો. ખેતી સિવાય જંગલમજૂરી તેમજ વન્યપેદાશની થોડી આવક હતી. તપાસ સમયે ગામમાં કુલ રકબો ૧૦૪૯-૬-૫ એકર ગુંઠા હતો. ગામના નમુના ૫ પ્રમાણે ૧૯૬૭-૬૮ માં ગામની તારીજ નીચે મુજબની હતી.

કોઠો-૧:૧

| વિગત | હે. આર |
|---|---|
| કુલ રકબો | ૧૦૪૯-૬૫ |
| ખેડવાલાયક નહી તેવી જમીન | ૧૯-૬૨ |
| સાર્વજનિક કામ માટેની જમીન | ૨૨-૭૬ |
| જંગલો | ૨૪૪-૧૩ |
| | ૨૮૬-૫૧ |
| ખેતી લાયક જમીન | ૭૬૩.૧૪ |

તપાસ સમયે ગામમાં મુખ્યત્વે ભાત, નાગલી, બંટી, કોદરા, તુવેર, મગફળીનું વાવેતર થતું હતું. ૧૯૬૭-૬૮ માં ગામની તુલવારી નીચે મુજબ હતી.

કોઠો-૧:૨

| પાકો | હે. આર |
| --- | --- |
| ૧ | |
| ભાત | ૫૪.૪૨ |
| નાગલી | ૧૯૫.૪૧ |
| સામો | ૧.૦૪ |
| વરી | ૧૦૩.૫૪ |
| બંટી | ૨.૧૫ |
| કોદરા | ૦.૮૮ |
| ભીદલા | ૦.૩૦ |
| મકાઇ | ૧૩.૩૫ |
| તુવર | ૫૧.૨૩ |
| અડદ | ૧૮.૮૧ |
| ચોળી | ૧.૭૯ |
| મગ | ૦.૦૨ |
| ચણા | ૦.૫૭ |
| મરચાં | ૧૨.૧૬ |
| મગફળી | ૬૫.૭૧ |
| ઘાસ | ૩૬.૭૪ |
| કુલ વાવેતર | ૫૭૮.૫૦ |
| પડતર | ૧૮૪.૬૪ |
| | ૭૬૩.૧૪ |



તપાસ સમયે ગામમાં કુલ ૧૧૭ ખાતેદારો હતા. ગામના ખાતેદારોનું જમીન ધારણ પ્રમાણે વર્ગીકરણ નીચે જણાવવામાં આવ્યું છે.

કોઠો - ૧:૩

| જમીનની વિગત | ખાતેદારોની સંખ્યા | કુલ ધારણ કરેલ જમીનનું ક્ષેત્રફળ(હેકટરમાં) |
| --- | --- | --- |
| ૧ હેકટર સુધી | ૨ | ૧.૨૦ |
| ૨ હેકટર સુધી | ૬ | ૮.૧૭ |
| ૨ હેકટરથી ૩ હે. સુધી | ૮ | ૧૯.૦૨ |
| ૩ હે. થી ૪ હે. સુધી | ૫ | ૧૬.૨૦ |
| ૪ હે. થી ૫ હે. સુધી | ૪ | ૧૭.૩૪ |
| ૫ હે. થી ૯ હે. સુધી | ૨૨ | ૧૭૧.૩૬ |
| ૧૦ હે. થી ૧૫ હે. સુધી | ૨૮ | ૩૫૭.૨૭ |
| ૧૫ હે. થી ૨૫ હેકટર | ૨૬ | ૪૯૫.૧૫ |
| ૨૫ હે. થી ૫૦ હેકટર સુધી | ૧૩ | ૪૧૫.૨૨ |
| ૫૦ હેકટર ઉપર | ૩ | ૪૮૧.૨૬ |
| | ૧૧૭ | ૧૯૮૧.૧૬ |

ગામમાં સૌથી નાનામાં નાના ખાતેદાર પાસે ૮.૨૬ જમીન હતી જ્યારે મોટામાં મોટા ખાતેદાર પાસે ૩૭૪.૩૩ હેકટર જમીન હતી. તપાસ સમયે ગામમાં સિંચાઇનું કોઇ સાધન હતું નહિ. સિંચાઇ હેઠળ પાકનો વિસ્તાર નહોતો. માત્ર આકાશી ખેતી થતી હતી.

**શિક્ષણ:**

તપાસ સમયે ગામમાં ૭ ધોરણની ગુજરાતી શાળા હતી. ડાંગ જિલ્લો મહારાષ્ટ્રની સરહદે આવેલ હોવાથી આ જિલ્લામાં કેટલીક મરાઠી માધ્યમની શાળાઓ ચાલે છે. ગાઢવી ગામમાં ગુજરાતી શાળા હતી. શાળામાં કુલ ૪ ટ્રેઇન્ડ શિક્ષકો હતા. ચારે શિક્ષકો આદિવાસી હતા. જેમાંથી ત્રણ ચૌધરી અને એક હળપતિ હતા. ગામની શાળામાં કુલ ૧૪૬ બાળકો ભણતા હતા. જેમાંથી ૬૫ ભીલોના બાળકો, ૭૭ કુનબી અને ૪ બાળકો વારલી જાતિના હતા. આમ વારલી જાતિના બાળકોનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. ગામની શાળાની માહિતી સાથેના કોઠામાં દર્શાવવામાં આવી છે. (જુઓ પાન નં. ૨૩)



કોઠો-૪

ગામની શાળામાં ધોરણવાર અને જાતિવાર ભણતા બાળકોની સંખ્યા

| અનુક્રમ | ધોરણ | ભીલ | | | કુનબી | | | વારલી | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ |
| ૧ | પહેલું | ૧૬ | ૭ | ૨૩ | ૧૫ | ૧૩ | ૨૮ | - | - | - | ૩૧ | ૨૦ | ૫૧ |
| ૨ | બીજું | ૧૦ | ૬ | ૧૬ | ૮ | ૫ | ૧૩ | - | ૧ | ૧ | ૧૮ | ૧૨ | ૩૦ |
| ૩ | ત્રીજું | ૧૪ | - | ૧૪ | ૫ | ૬ | ૧૧ | - | - | - | ૧૯ | ૬ | ૨૫ |
| ૪ | ચોથું | ૬ | - | ૬ | ૬ | ૪ | ૧૦ | ૨ | - | ૨ | ૧૪ | ૪ | ૧૮ |
| ૫ | પાંચમુ | - | ૧ | ૧ | ૩ | ૩ | ૬ | - | - | - | ૩ | ૪ | ૭ |
| ૬ | છઠ્ઠું | ૨ | - | ૨ | ૫ | ૧ | ૬ | ૧ | - | ૧ | ૮ | ૧ | ૯ |
| ૭ | સાતમું | ૩ | - | ૩ | - | - | ૩ | - | - | - | ૬ | - | ૬ |
| | | ૫૧ | ૧૪ | ૬૫ | ૪૫ | ૩૨ | ૭૭ | ૩ | ૧ | ૪ | ૯૯ | ૪૭ | ૧૪૬ |

## પ્રકરણ – ૨

### ગાઢવી-૧૯૬૯

ગાઢવી ગામ ડાંગ જિલ્લાના ઉંડાણના વિસ્તારમાં આવેલું છે. ગામમાં મુખ્યત્વે આદિવાસીઓની વસતિ છે. આદિવાસીઓમાં ભીલ, કુનબી, અને વારલી જાતિના લોકો હતા. તપાસ સમયે ગામમાં કુલ ૧૬૮ કુટુંબો હતા. જેમાં ૯૯ કુટુંબો ભીલોના, ૬૦ કુટુંબો કુનબીના અને ૯ કુટુંબો વારલીના હતા. ગામમાંથી કુલ ૧૬૮ કુટુંબોમાંથી ૬૮ કુટુંબો તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા. કુલ ૯૯ ભીલ કુટુંબોમાંથી ૫૦ ટકા એટલે ૫૦ કુટુંબો ભીલોના, ૬૦ વારલીના કુટુંબોમાંથી ૨૫ ટકા પ્રમાણે ૧૫ કુટુંબો કુનબીના અને ૩ કુટુંબો વારલીના પસંદ કરવામાં આવ્યા હતા. આમ એકંદર ૬૮ કુટુંબો ગામમાંથી તપાસ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

કુલ ૬૮ કુટુંબોમાંથી ૫૦ કુટુંબો મુખ્યત્વે ખેતીનો ધંધો કરતા હતા અને ૧૮ કુટુંબોનો મુખ્ય ધંધો મજૂરી હતો. કુલ તપાસેલ કુટુંબોની કુલ વસતિ ૩૮૭ની હતી. જેમાં ૧૯૨ પુરુષો અને ૧૯૫ સ્ત્રીઓ હતી. ૧૯૨ પુરુષોમાંથી ૧૧૧ ખેતીના કામમાં અને ૮૧ મજૂરીકામમાં રોકાયેલા હતા. જ્યારે કુલ ૧૯૫ સ્ત્રીઓમાંથી ૧૧૧ ખેતીમાં અને ૮૪ મજૂરી કામમાં રોકાયેલ હતી. આમ એકંદર કુલ વસતિમાંથી ૨૫૪ લોકો આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલ હતા. જ્યારે ૧૩૩ લોકો બિનકમાનાર હતા. કુલ વસતિ-માંથી ૧૯૦ જણ ૧૪ વર્ષની નીચેની ઉંમરના બાળકો હતા. જેમાંથી ૪૪ બાળકો કમાણી કરતા હતા. તપાસેલ કુટુંબોની કુલ વસતિ ૩૮૭ની હતી. જેમાંથી ૫૦.૪ સ્ત્રીઓ અને ૪૯.૬ ટકા પુરુષો હતા. પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ વિશેષ હતું.



કુટુંબના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ કોઠા-૧ માં દર્શાવવામાં આવેલ છે. કુટુંબના કદમાં મધ્યમ કદ અને મોટા કુટુંબની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

### કોઠો- ૬:૧

#### કુટુંબના કદ પ્રમાણે વર્ગીકરણ

| કુટુંબ કદ | સંખ્યા | કુલ કુટુંબના ટકા |
|---|---|---|
| ૧. નાનુ ( ૧ થી ૩ વ્યક્તિ) | ૧૨ | ૧૭.૭ |
| ૨. મધ્યમ (૪ થી ૬ વ્યક્તિ) | ૩૦ | ૪૪.૧ |
| ૩. મોટું (૭ થી ૯ વ્યક્તિ) | ૨૩ | ૩૩.૮ |
| ૪. બહુ મોટુ (૧૦ થી વધારે) | ૩ | ૪.૪ |
| | ૬૮ | ૧૦૦.૦૦ |

તપાસેલ કુટુંબોમાં જુદા જુદા ગોત્રોના કુટુંબો હતા. કેટલાક ગોત્રો ભીલ અને કુનબીના એક જ હતા. જેમકે પવાર, ગાવીત, આ ગોત્ર બન્ને જાતિઓમાં જોવા મળેલ. ગોત્રવાર કુટુંબની સંખ્યા અને વસતિ કોઠા-૨ માં દર્શાવવામાં આવેલ છે.

ગામમાં ભીલ, વારલી અને કુનબી, લોકો ઘણા સમયથી રહેતા હતા. કયા ગોત્રના લોકો ગામમાં પહેલા આવી વસ્યા હતા તેની માહિતી મળી નહોતી. પરંતુ જુદા જુદા ગોત્રના લોકો કેટલા સમયથી આ ગામમાં આવીને વસ્યા હતા તે જાણી શકાયું હતું. ગોત્રવાર પેઢીઓનો વસવાટ કોઠા-૩માં દર્શાવેલ છે. આ કુટુંબો પહેલા કયા વસવાટ

કોઠો—૨:૨

જાતિઓ પ્રમાણે જુદા જુદા ગોત્રોનો ગામમાં વસવાટ

| કેટલી પેઢીથી વસે છે | ડાંગી ભીલ | | | | ભીલ | વારલી | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | પવાર | વરડે | ગાવિત | કોલા | | ઠાકાર | રાઠોર | ગુલુમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૬ પેઢી | ૧૦ | - | - | - | ૧ | - | - | - |
| ૫ પેઢી | ૧૫ | | | | | | | |
| ૪ પેઢી | ૪ | | | | | | | |
| ૩ પેઢી | ૩ | | | | | | | |
| ૨ પેઢી | ૪ | | | | | | | |
| ૧ પેઢી | ૧૦ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ |
| કુલ | ૪૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ટકા | ૬.૭૨ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૧.૫ |



કોઠો-૨:૨(ચાલુ)

| કુનબી | | | | | | | | | કુલ | ટકા |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| પવાર | ઠાકુર | દેશમુખ | ગાવિત | ભોયે | ચૌધરી | અલબાડ | ગણાંડી | બાગુલ | | |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૧ | - | - | - | ૨ | ૧ | ૧ | - | ૧ | ૧૭ | ૨૫.૧ |
| | | | | | | | | | ૧૫ | ૨૨.૦ |
| | | | ૨ | | | | | | ૬ | ૮.૮ |
| | | | ૧ | ૧ | | | | | ૫ | ૭.૪ |
| | | | | ૨ | | | ૧ | | ૭ | ૧૦.૩ |
| | ૧ | ૧ | | | | | | | ૧૮ | ૨૬.૪ |
| ૧ | ૧ | ૧ | ૩ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૬૮ | - |
| ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૪.૪ | ૭.૪ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | ૧.૫ | | ૧૦૦.૦૦ |

કોઠો-૨:૩

જાતિવાર અને ગોત્રવાર કયા સ્થળેથી આવીને ગામમાં વસવાટ કર્યા

| ક્યાંથી આવ્યા તે સ્થળ | ડફી ભીલ | | | | | વારલી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પવાર | વરડે | ગાવિત | કોળા | ભીલ | ઢાઢર | રાઢોર | ગુલુમ |
| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| પીપળી | ૨ | | | | | | | |
| નવસારી | ૧ | | | | | | | |
| ધરમપુર | ૧ | | | | | | | |
| જામન વિહાર | ૨ | ૧ | | | | | | |
| સોભુનયા | | | ૧ | | | | | |
| સુનગાન | ૧ | | | | | | | |
| દિવાન ટમરુ | ૧ | | | | | | | |
| કુસર | ૧ | | | | | | | |
| કોટળા | | | | ૧ | | | | |



કોઠો -૨:૩(ચાલુ)

| કુનબી | | | | | | | | | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પવાર | ઠાકુર | દેશમુખ | ગાવિત | ભોયે | ચૌધરી | અલબાડ | ગગાડી | બાગાડી | | |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| | | | | | | | | | ૨ | ૨.૯ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૩ | ૪.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | ૧ | | | | | | | | ૨ | ૨.૯ |

(વધુ માટે જુઓ પા.૩૦,૩૧)

કોઠો - ૨ : ૩(ચાલુ)

| | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|---|
| દહેર | ૧ | | | | | | | |
| ડનોજ | | | | | ૧ | | | |
| સુડના | | | | | | ૧ | | |
| ઢોંગીઆબા | | | | | | | ૧ | |
| આહવા | | | | | | | | |
| સૈન્દ્રઆબા | | | | | | | | |
| જવડા | | | | | | | | |
| ગોંડા | | | | | | | | |
| ચુનાવહીએ | | | | | | | | ૧ |
| ખબરનથી | ૩૬ | | | | | ૧ | | |
| | ૪૬ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |



કોઠો : ૩(ચાલુ)

| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| | ૧ | | | | | | | | ૧ | ૧.૫ |
| | | | | ૧ | | | | | ૧ | ૧.૫ |
| | | | ૧ | | | | | | ૧ | ૧.૫ |
| | | | | | | | ૧ | | ૧ | ૧.૫ |
| | | | | | | | | | ૧ | ૧.૫ |
| ૧ | | | ૨ | ૪ | ૧ | ૧ | | ૧ | ૪૬ | ૬૭.૬ |
| ૧ | ૧ | ૧ | ૩ | ૫ | ૧ | ૧ | ૧ | ૧ | ૬૮ | ૧૦૦.૦ |

કોઠો : ૪

કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ઉંમર | ૬ વર્ષથી નીચે | | ૬-૯ | | ૧૦-૧૨ | | ૧૩-૧૫ | | ૧૬-૧૮ | | ૧૯-૨૦ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જાતિ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. |
| સંખ્યા | ૩૮ | ૩૦ | ૧૪ | ૨૦ | ૧૩ | ૧૮ | ૨૧ | ૧૧ | ૨૦ | ૧૪ | ૭ | ૯ |
| ટકા | ૯.૯ | ૭.૮ | ૩.૬ | ૫.૩ | ૩.૫ | ૪.૬ | ૫.૪ | ૨.૮ | ૫.૩ | ૩.૬ | ૧.૮ | ૨.૩ |



કોઠો : ૪(ચાલુ)

| ૨૧-૨૫ | | ૨૬-૩૦ | | ૩૧-૩૫ | | ૩૬-૪૦ | | ૪૧-૫૦ | | ૫૦થી ઉપર | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી. | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી. | પુ. | |
| ૧૨ | ૨૧ | ૧૧ | ૧૫ | ૧૩ | ૧૦ | ૧૨ | ૧૪ | ૧૨ | ૧૨ | ૨૦ | ૧૮ | ૧૯૫ | ૧૯૨ | ૩૮૭ |
| ૩.૧ | ૫.૪ | ૨.૮ | ૩.૯ | ૩.૫ | ૨.૬ | ૩.૧ | ૩.૧ | ૩.૧ | ૩.૧ | ૫.૩ | ૪.૬ | ૧૦૦.૦ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

કરતા હતા અને આ ગામમાં કયારથી આવીને વસ્યા તેની વિગતવાર માહિતી કોઠા-૪ માં દર્શાવવામાં આવી છે.

તપાસેલ ૬૮ કુટુંબોમાંથી ૫૨ (૭૯.૫ ટકા) કુટુંબો વિભકત, ૧૨ (૧૭.૬ ટકા) સંયુકત અને બે કુટુંબો અન્ય પ્રકારના હતા. કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કરતા જણાયું હતું કે કુલ વસતિમાં ૬૮ વ્યકિતઓ ૬ વર્ષથી નીચેની વયની અને ૫૦ ઉપરની વયમાં કુલ ૩૮ વ્યકિતઓ હતી. કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા-૪ માં દર્શાવવામાં આવ્યું છે.

તપાસેલ કુટુંબોની વૈવાહિક દરજજા પ્રમાણે વર્ગીકરણ કરતા જણાયું હતું કે કુલ પુરુષ વસતિમાંથી ૧૯૨) ૮૨ પુરુષો પરણિત હતા જયારે કુલ સ્ત્રી વસતિમાંથી (૧૯૫) ૭૮ સ્ત્રીઓ પરણિત હતી. ૩ પુરુષો વિધુર અને ૬ સ્ત્રીઓ વિધવા હતી. આમ એકંદરે કુલ વસતિમાં ૫૬.૪ ટકા પરણિત, ૪૧.૩ ટકા અપરણિત અને ૨.૩ ટકા વિધવા-વિધુર હતા.

**શિક્ષણ:-**

તપાસેલ કુટુંબમાંથી ૬ વર્ષથી નીચેની વયના ૬૮ બાળકોને બાદ કરતા કુલ વસતિમાંથી ૮૧ ટકા અભણ હતા, જયારે ૧.૨ ટકા સહી કરી શકે તેવા, ૧૬.૯ ટકા પ્રાથમિક શિક્ષણ લીધેલ, ૦.૯ ટકા માધ્યમિક શિક્ષણ લીધેલ અને ૦.૪ ટકા ઉચ્ચ શિક્ષણ લીધેલ હતા. તપાસ સમયે ગામમાં એક છોકરો ગ્રેજયુએટ હતો. તપાસેલ કુટુંબોની જાતિવાર શિક્ષણની પરિસ્થિતિ જોતા જાણવા મળ્યું હતું કે ૨૧૬ ભીલ વસતિમાંથી ૧૭૭ અભણ, ૨૧ વારલીમાંથી બધા અભણ અને ૮૨ કુનબીમાંથી ૫૯



કોઠા-૫

તપાસેલ કુટુંબમાં જાતિવાર અક્ષરજ્ઞાન

| | પુરુષ | | | | સ્ત્રી | | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભીલ | વારલી | કુનબી | કુલ | ભીલ | વારલી | કુનબી | કુલ | ભીલ | વારલી | કુનબી | કુલ |
| સહી કરી શકે તેવા | ૩ | - | - | ૩ | ૧ | - | - | ૧ | ૪ | - | - | ૪ |
| પ્રાથમિક | ૨૯ | - | ૧૭ | ૪૬ | ૫ | | ૩ | ૮ | ૩૪ | - | ૨૦ | ૫૪ |
| માધ્યમિક | ૧ | - | ૨ | ૩ | - | - | - | - | ૧ | - | ૨ | ૩ |
| ઉચ્ચ | - | - | ૧ | ૧ | - | - | - | - | - | - | ૧ | ૧ |
| અભણ | ૮૩ | ૧૦ | ૧૬ | ૧૦૯ | ૯૪ | ૧૧ | ૪૩ | ૧૪૮ | ૧૭૭ | ૨૧ | ૫૯ | ૨૫૭ |
| કુલ | ૧૧૬ | ૧૦ | ૩૬ | ૧૬૨ | ૧૦૦ | ૧૧ | ૪૬ | ૧૫૭ | ૨૧૬ | ૨૧ | ૮૨ | ૩૧૯ |

અભણ હતા. જાતિવાર શિક્ષણની વિગતવાર માહિતી કોઠા-૨ માં દર્શાવવામાં આવી છે.

ગામમાં દરેક કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતો. ખેતી સિવાય જંગલ મજૂરી, જંગલ પેદાશ એકઠી કરી તેમજ ગાડાવાહકમાંથી પૂરક રોજગારી મેળવતા હતા. દરેક કુટુંબ વધતા ઓછા પ્રમાણમાં જમીન ધરાવતું હતું. તપાસેલ ૬૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબો પાસે જમીન હતી જ્યારે ૧૨ કુટુંબો પાસે જમીન હતી નહી. જમીનના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ કોઠા નં.૭ માં આપવામાં આવ્યું છે. કોઠા-૭ પરથી જણાય છે કે ૩૧ ટકા કુટુંબો પાસે કુલ ધારણ કરેલ જમીનના ૯ ટકા જમીન હતી. જ્યારે ૧૭ ટકા કુટુંબો પાસે ૫૦ ટકા કરતા વધુ જમીન હતી. સરેરાશ કુટુંબદીઠ જમીન ૧૧ એકર ૨૨ ગુંઠા હતી. નમૂનાના કુટુંબમાંથી ૨૧ કુટુંબોપાસે ૫ એકર જેટલી જમીન હતી. જ્યારે ૧૨ કુટુંબો પાસે ૧૫ એકરથી વધુ જમીન હતી.

મુખ્ય પાકો:

ગામમાં મુખ્યત્વે ભાત, નાગલી, કોદરા, મગફળી, બંટી અને વરઇનું વાવેતર કરવામાં આવતું હતું. પસંદ થયેલ કુટુંબોનો પાક હેઠળનો વિસ્તાર કોઠા નં.૮ માં દર્શાવેલ છે.

કોઠા નં.૯ પરથી જણાય છે કે કુલ વાવેતરમાં નાગલી અને વરઇ હેઠળનો પાકનો વિસ્તાર વધુ હતો. જે તેમનો મુખ્ય ખોરાક છે. જ્યારે દરેક પાકોનું એકર દીઠ ઉત્પાદન ઘણું જ ઓછું હતું. સિંચાઇની સગવડને અભાવે એકરદીઠ ઉત્પાદન નીચું

ઉપરના કોઠા પરથી એક વસ્તુ સ્પષ્ટ દેખાઇ આવે છે કે, તેઓનું પાકનું માળખું



કોઠો -૨:૬

જમીન ધારણના કદ પ્રમાણે નમૂનાના કુટુંબનું વર્ગીકરણ (એકરમાં)

| જમીન ધારણનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | ધારણ કરેલ જમીન | કુટુંબદીઠ જમીન | કુટુંબદીઠ ટકા | કુલ ધારણ કરેલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૯ | ૧૧.૨૫ | ૧.૧૨ | ૧૩.૨૪ | ૧.૯ |
| ૨.૫ થી ૫.૦ | ૧૨ | ૪૫.૦૫ | ૩.૩૦ | ૧૭.૬૫ | ૬.૯ |
| ૫.૦ થી ૭.૫ | ૭ | ૪૪.૩૪ | ૬.૧૬ | ૧૦.૨૯ | ૬.૯ |
| ૭.૫ થી ૧૦.૦ | ૬ | ૫૩.૦૩ | ૮.૦૮ | ૮.૮૨ | ૮.૨ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૧૦ | ૧૩૧.૦૮ | ૧૩.૦૮ | ૧૪.૭૦ | ૨૦.૮ |
| ૧૫.૦ થી વધુ | ૧૨ | ૩૬૦.૦૫ | ૩૦.૦ | ૧૭.૬૫ | ૫૫.૩ |
| જમીન વિહોણા | ૧૨ | - | - | ૧૭.૬૫ | - |
| કુલ | ૬૮ | ૬૪૬.૦૦ | - | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

કોઠા-૧:૭

| ક્રમ | પાકનું નામ | પાક હેઠળનો વિસ્તાર (એકરમાં) | એકરદીઠ ઉત્પાદન (કિલોમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ભાત | ૧૦૨.૨૯ | ૧૦૨.૦૪ |
| ૨. | નાગલી | ૨૨૭.૧૯ | ૧૪૪.૯૭ |
| ૩. | વરઇ | ૧૩૯.૨૧ | ૧૪૭.૦૦ |
| ૪. | મકાઇ | ૧૨.૨૦ | ૩૩.૦૦ |
| ૫. | અડદ | ૨૨.૩૦ | ૪૨.૦૦ |
| ૬. | તુવેર | ૨૨.૩૭ | ૬૬.૦૭ |
| ૭. | કુરીત | ૩૦.૦૯ | ૭૪.૦૬ |
| ૮. | બંટી | ૩.૧૫ | ૧૫૬.૬૦ |
| ૯. | ખુરશાની | ૨૭.૧૦ | ૭૧.૭૪ |
| ૧૦. | ઘાસ | ૨૭.૧૭ | ૧૪૨૬.૦૦ બંડલ |
| ૧૧. | મરચાં-ભીંડા | ૧૯.૨૩ | ૩૪.૦૦ |
| ૧૨. | કોદરા | ૧૦.૧૦ | ૧૦૧.૦૦ |



વિવિધ પ્રકારનું છે. ખુરશાનીમાંથી તેઓ તેલ બનાવે છે. વરઇ અને બંટી તેમનો મુખ્ય ખોરાક છે. તેથી તેનું વાવેતર વધુ કરવામાં આવે છે. ગામમાં થોડા સમયથી કેટલાક કુટુંબો મગફળીનું વાવેતર કરતા થયા છે. જો કે તપાસ હેઠળના કુટુંબોમાંથી એકેય કુટુંબે મગફળીનું વાવેતર કર્યું નહોતું.

ખેતી ખર્ચ:

ખેતી ખર્ચમાં મોટે ભાગે તેઓ ઘરમાંથી છાણિયુ ખાતર તેમજ બિયારણનો ઉપયોગ કરતા હતા. તેઓ બિયારણ સંઘરી રાખે છે. સુધારેલ બિયારણ કે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરતા નથી. છાણિયુ ખાતર પણ વ્યવસ્થિત રીતે કોહવાડવામાં આવતું નથી. ઘરની અસિરી પાસે એકઠું કરી ખેતરમાં નાખી દે છે. ખાસ કરીને ભાત અને નાગલીના ધરુ માટે તેઓ ઝાડના પાંદડા ડાળીઓ વગેરે કાપીને બાળી મૂકે છે અને આદર બનાવે છે અને તેમાં નાગલીનું ધરુ રોપવામાં આવે છે. બિયારણ રોકડેથી તેમજ અંદરોઅંદર ઉછીનું લાવીને વાવે છે.

નમૂનાના લીધેલ કુટુંબનું ચોખ્ખું સરેરાશ એકરદીઠ ઉત્પાદન ૮૧ રુ. નું હતું. જ્યારે સરેરાશ એકરદીઠ ખર્ચ રુ. ૯૮/- હતું. વિગતવાર ખેતીખર્ચ કોઠા-૯માં દર્શાવેલ છે.

(જુઓ પાન નં. ૪૦)

કોઠો-૨:૮

નમૂનાના કુટુંબોનું કુલ ખેતી ખર્ચ (રૂપીયામાં)

| વિગત | ઘરમાંથી | ખરીદીને | કુલ |
|---|---|---|---|
| છાણિયું ખાતર | ૩૫૪૦ | - | ૩૫૪૦ |
| બિયારણ | ૧૩૬૧ | - | ૧૩૬૧ |
| જમીન મહેસુલ | - | ૩૮૩ | ૩૮૩ |
| અન્ય ખર્ચ (મજૂરી તેમજ બળદ ગાડાભાડું) | - | ૬૫૧૧ | ૬૫૧૧ |
| | ૪૯૦૧ | ૬૮૯૪ | ૧૧૭૯૫ |

કોઠા-૯ પરથી જણાય છે કે કુલ ખર્ચમાં મજૂરી અને બળદ ગાડાનો ખર્ચ વધુ હતો. જ્યારે છાણિયુ ખાતર અને બિયારણ પાછળનું ખર્ચ ઓછું હતું. જમીન મહેસુલ નહિવત્ હતું. ડાંગમાં હજુ પણ જમીનની માલિકી આદિવાસીઓની નથી. અહીં આઉત (કા) દીઠ જમીન મહેસુલ લેવામાં આવે છે. બળદની જોડી ધરાવતા પાસે આખુ અને એક બળદ ધરાવતા પાસે અડધું જમીન મહેસુલ લેવામાં આવે છે. આથી જમીન મહેસુલનું ખર્ચ ઓછું જણાય છે.



પશુ ઉછેર:

ગામમાં લગભગ દરેક કુટુંબ સારી એવા સંખ્યામાં પશુઓ રાખે છે. પશુઓમાં મુખ્યત્વે ગાય, ઘેંટા, બકરા અને મરઘાંનો સમાવેશ થાય છે. ગાય, ભેંસમાંથી દૂધની આવક ઠીક પ્રમાણમાં થાય છે. ખાસ કરીને દૂધનો વપરાશ ખોરાકમાં નથી થતો. દૂધ તેઓ આહવા જઇને વેચી આવે છે. ઉપરાંત આર્થિક મુશ્કેલીના સમયે ઢોર વેચી આવક મેળવે છે. ઈંડાનો ઉપયોગ પણ તેઓ ખોરાકમાં ઓછો કરે છે. ઈંડા પણ ગામની દુકાને અને આહવા જઇને વેચતા હોય છે. તપાસેલ કુટુંબોમાં પશુ તેમજ મરઘાંની સંખ્યા કોઠા ૧૦માં દર્શાવવામાં આવી છે.

કોઠો-૨:૯

કુટુંબદીઠ પશુધન

| ક્રમ | વિગત | કુલ સંખ્યા | કુટુંબદીઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧. | બળદ | ૧૦૦ | ૧.૫ |
| ૨. | ગાય-ભેંસ | ૧૧૦ | ૧.૬ |
| ૩. | વાછરડા-વાછરડી | ૨૫ | ૦.૪ |
| ૪. | ઘેટા-બકરાં | ૬૫ | ૦.૯ |
| ૫. | મરઘાં | ૮૯ | ૧૩.૧ |
| | કુલ | ૩૮૯ | ૫.૭ |

ઘરવખરીના સાધનો:

તપાસ હેઠળના દરેક કુટુંબો પાસે રાંધવા માટે માટીના તેમજ એલ્યુમીનીઅમના વાસણો હતા. કેટલાક કુનબી સુખી કુટુંબોની પાસે તાંબાનો ઘડો, તેમજ પીતળના વાસણો હતા. તેમની પાસે સૂવા માટે ખાટલા પણ નથી. સામાન્ય રીતે તેઓ ખજૂરીના પાનમાંથી બનાવેલ સાદડી વાપરે છે. અથવા જમીન ઉપર કશુ પાથર્યા વગર સૂઇ જાય છે. તેમની પાસે ગાદલા રજાઇ કે ઓશીકા જેવું કશું જોવા મળતું નથી. શિયાળાની ઋતુમાં મોટા ભાગે આજુબાજુ દેવતા રાખી સૂઇ જાય છે. તપાસ હેઠળના કુલ કુટુંબો પાસેથી માત્ર એક કુટુંબ પાસે બંદૂક, ૮ કુટુંબ પાસે ફાનસ અને બેટરી હતા. જમીન ધારણના કદ પ્રમાણે ઘરવખરીના સાધનો ધરાવતા કુટુંબોની સંખ્યા કોઠા-૧૦ માં આપવામાં આવેલ છે.

આવક:

તપાસ હેઠળ કુટુંબોની આવક ખેતી અને મજુરીની હતી. પશુપાલનના ધંધામાંથી નજીવી આવક થતી હતી. જુદા જુદા સાધનોમાંનો આવકમાંનો હિસ્સો તપાસીએ તો ખેતીમાંથી ૫૩.૮ ટકા, મજૂરીમાંથી ૨૪.૯ ટકા, પશુપાલનમાંથી માત્ર ૨.૩૦ ટકા અને ગાડાવાહક તેમજ અન્ય ધંધામાંની આવક ૧૯.૦ ટકા હતી. સરેરાશ કુટુંબદીઠ આવક ૧૪૩૫ રુપિયા હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રુ. ૨૫૦ ની હતી. જમીન ધારણના કદ પ્રમાણે સાધનવાર આવકની માહિતી કોઠા નં.૧૨ માં આપવામાં આવેલ છે. આમ ૧૯૬૮-૬૯ના ભાવે લગભગ દરેક કુટુંબ ગરીબીની રેખા નીચે જીવતા હતા.



કોઠો- ૨:૧૦

જમીન ધારણના કદ પ્રમાણે ઘરવખરીના સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા

| જમીનનું કદ | વાસણો: એલ્યુ-મીનીયમ | વાસણો: પિતળ | વાસણો: તાંબુ | વાસણો: માટી | વાસણો: કાસુ | વાંસના ખાટલા | માછલા પકડવાની જાળ | કાથીના ખાટલા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૯ | ૨ | ૩ | ૯ | ૪ | - | ૬ | - |
| ૨.૫ થી ૫ | ૨ | ૩ | ૨ | ૧૨ | ૬ | - | ૮ | - |
| ૫.૦ થી ૭.૫ | ૭ | ૨ | ૨ | ૭ | ૬ | - | ૩ | - |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૨ | ૨ | ૬ | ૩ | - | ૪ | - |
| ૧૦ થી ૧૫ | ૧૦ | ૫ | ૪ | ૧૦ | ૯ | - | ૬ | ૨ |
| ૧૫ થી વધુ | ૧૨ | ૧૧ | ૧૧ | ૧૨ | ૧૨ | - | ૭ | ૪ |
| જમીન વિહોણા | ૧૨ | ૩ | ૨ | ૧૨ | ૪ | ૧ | ૫ | ૧ |
| કુલ | ૬૮ | ૨૮ | ૨૬ | ૬૪ | ૪૪ | ૧ | ૩૯ | ૭ |

કોઠો- ૨:૪(ચાલુ)

| બંદૂક | ફાનસ | ચિમની | ટોપલાં | ઘંટી | બેટરી | પેટી | છત્રી |
|---|---|---|---|---|---|---|---|
| - | - | - | ૯ | ૯ | - | ૧ | ૧ |
| - | - | ૧ | ૧૨ | ૧૦ | - | ૧ | - |
| - | - | - | ૭ | ૭ | - | - | - |
| - | ૧ | - | ૬ | ૫ | - | ૧ | - |
| - | ૧ | ૩ | ૧૦ | ૯ | - | ૬ | ૪ |
| ૧ | ૬ | ૫ | ૧૨ | ૧૨ | ૫ | ૭ | ૬ |
| - | ૧ | - | ૧૨ | ૬ | - | ૨ | ૧ |
| ૧ | ૯ | ૯ | ૫૮ | ૫૮ | ૫ | ૧૮ | ૧૨ |



કોઠો-૨:૧૧

જમીનના કદ પ્રમાણે સાધનવાર વાર્ષિક કુટુંબદીઠ આવક

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | કુલ સભ્ય સંખ્યા | કુટુંબનું કદ | ખેતીની આવક | પશુપાલન આવક | મજૂરીની આવક | અન્ય આવક | કુલ વાર્ષિક આવક | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૦ થી ૨.૫ | ૯ | ૪૮ | ૫.૩ | ૧૯૭.૨ | ૨૦.૬ | ૪૪૯.૪ | ૨.૨ | ૬૬૯.૪ | ૧૨૫.૫ |
| ૨.૫ થી ૫ | ૧૨ | ૫૯ | ૪.૯ | ૪૨૪.૯ | ૧૫.૪ | ૩૬૮.૮ | - | ૮૦૯.૧ | ૧૬૪.૬ |
| ૫ થી ૭.૫ | ૭ | ૩૭ | ૫.૨ | ૫૭૮.૯ | ૨૯.૩ | ૨૬૭.૧ | ૨૮.૬ | ૯૦૩.૯ | ૧૭૧.૦ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૪૧ | ૬.૮ | ૪૯૯.૭ | ૮.૩ | ૪૫૭.૫ | - | ૯૬૫.૫ | ૧૪૧.૫ |
| ૧૦ થી ૧૫ | ૧૦ | ૫૫ | ૫.૫ | ૧૨૯૫.૪ | ૨૦.૦ | ૨૮૪.૫ | ૧૦૭.૫ | ૧૬૬૭.૪ | ૨૯૯.૫ |
| ૧૫ થી ઉપર | ૧૨ | ૮૪ | ૭.૦ | ૨૦૪૫.૨ | ૧૬૫.૬ | ૮૦.૦ | ૧૨૯૮.૭ | ૩૫૮૯.૫ | ૫૧૨.૮ |
| જમીનવિહોણા | ૧૨ | ૬૫ | ૫.૪ | ૯૮.૭ | ૧૧.૭ | ૬૨૧.૪ | ૧૩૯.૬ | ૮૪૮.૦ | ૧૫૬.૬ |
| કુલ | ૬૮ | ૩૮૯ | ૫.૭ | ૭૬૯.૭ | ૩૩.૪ | ૩૫૮.૪ | ૨૭૨.૮ | ૧૪૩૫.૩ | ૨૫૦.૮ |

આવકના ધોરણે કુટુંબોનું વર્ગીકરણ કરીએ તો જણાય છે કે ૧૧ (૧૬.૨ટકા) કુટુંબોની આવક રુ.૫૦૦, ૧૨(૧૭.૭ ટકા) કુટુંબોની આવક રુ. ૫૦૦ થી ૭૫૦ સુધી, ૧૩ (૧૯.૭) કુટુંબોની આવક રુ. ૭૫૦ થી રુ. ૧૦૦૦ સુધી અને ૨૨ કુટુંબો (૩૨ ટકા)ની આવક રુ. ૧૦૦૦ થી ૧૫૦૦ અને ૧૦ (૧૪.૭ ટકા) કુટુંબોની આવક રુ. ૧૫૦૦ થી વધુ હતી. જમીન ધારણ કદ પ્રમાણે અને આવક જૂથ પ્રમાણે કુટુંબોની સંખ્યા કોઠા-૧૨ માં દર્શાવવામાં આવી છે.

નિર્વાહ ખર્ચ:
---------

તપાસ હેઠળના કુટુંબોનો નિર્વાહ ખર્ચની વિગત તપાસતા સ્પષ્ટ જણાય છે કે કુલ ખર્ચમાં ૬૩ ટકા ખર્ચ ખોરાક પાછળ, ૧૨ ટકા ખર્ચ કપડાનું હતું. જ્યારે દૂધ વગેરે પાછળનો ખર્ચ નહિવત્ હતો. કુલ ખર્ચમાં ૫૮ ટકા ખર્ચ ઘરમાંથી અને ૪૨ ટકા ખર્ચ રોકડેથી ખરીદીને કરવામાં આવતું હતું. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રુ. ૧૧૬૫ હતું. જ્યારે માથાદીઠ ખર્ચ રુ. ૨૦૫ હતું. જમીન ધારણના કદ પ્રમાણે અને આવક જૂથ પ્રમાણે નિર્વાહખર્ચની વિગત અનુક્રમે કોઠા-૧૩ અને કોઠા-૧૪ માં દર્શાવવામાં આવી છે. માથાદીઠ વપરાશની દ્રષ્ટિએ જોઈએ તો પણ બધા કુટુંબો ગરીબીની રેખા નીચે હતા.

દેવું:
----

તપાસ હેઠળ કુલ કુટુંબોમાંથી ૨૬ કુટુંબો (૩૮.૨ ટકા) દેવાદાર હતા. જમીન ધારણના કદ પ્રમાણે દેવાની વિગત કોઠા-૧૫ માં આપવામાં આવી છે. કોઠા-૧૫ પરથી જણાય છે કે દેવાદાર કુટુંબદીઠ દેવુ રુ. ૧૫૭ નું હતું. કોઠામાં જણાવેલ



કોઠા-૧૨
------

જમીન ધારણના કદ, આવકજૂથ પ્રમાણે કુટુંબસંખ્યા

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબની સંખ્યા | આવક જૂથ રુ.૧ થી ૨૫૦ | રુ.૨૫૦થી ૫૦૦ | રુ. ૫૦૦થી ૭૫૦ | રુ.૭૫૦થી ૧૦૦૦ | રુ.૧૦૦૦થી ૧૫૦૦ | રુ.૧૫૦૦થી વધુ |
|---|---|---|---|---|---|---|---|
| ૦.૦ થી ૨.૫ | ૯ | - | ૪ | ૨ | ૨ | ૧ | - |
| ૨.૫ થી ૫.૦ | ૧૨ | - | ૧ | ૫ | ૩ | ૩ | - |
| ૫.૦ થી ૭.૫ | ૭ | - | ૧ | ૨ | ૧ | ૩ | - |
| ૭.૫ થી ૧૦ | ૬ | - | - | ૧ | ૩ | ૨ | - |
| ૧૦.૦ થી ૧૫ | ૧૦ | - | ૧ | - | - | ૭ | ૨ |
| ૧૫.૦ થી વધુ | ૧૨ | - | - | - | ૨ | ૩ | ૭ |
| જમીનવિહોણા | ૧૨ | ૧ | ૩ | ૨ | ૨ | ૩ | ૧ |
| કુલ | ૬૮ | ૧ | ૧૦ | ૧૨ | ૧૩ | ૨૨ | ૧૦ |
| કુટુંબોની ટકાવારી | ૧૦૦.૦ | ૧.૫ | ૧૪.૭ | ૧૭.૭ | ૧૯.૧ | ૩૨.૩ | ૧૪.૭ |

કોઠો-૬:૧૩

જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિકવપરાશ (રૂ.માં)

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબની સંખ્યા | ખોરાક | શાકભાજી | માંસ/ઈંડા | દૂધ/ઘી | ખાંડ | ગોળ | તેલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૯ | ૩૮૦.૩ | ૨૩.૯ | ૧૧.૭ | ૫.૬ | ૩.૩ | ૬.૧ | ૨૧.૧ |
| ૨.૫ થી ૫ | ૧૨ | ૪૯૨.૧ | ૨૭.૫ | ૧૯.૬ | ૧૦.૦ | ૭.૫ | ૮.૭ | ૨૩.૩ |
| ૫.૦ થી ૭.૫ | ૭ | ૫૬૨.૦ | ૩૯.૩ | ૧૧.૦ | ૧૪.૭ | ૫.૭ | ૭.૮ | ૨૬.૭ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૫૬૨.૦ | ૩૫.૮ | ૧૪.૦ | ૫.૦ | ૧૧.૬ | ૯.૨ | ૩૧.૧ |
| ૧૦ થી ૧૫ | ૧૦ | ૧૦૧૩.૩ | ૩૯.૪ | ૨૦.૦ | ૨૭.૫ | ૧૮.૦ | ૧૧૦ | ૩૫.૪ |
| ૧૫ થી વધારે | ૧૨ | ૧૫૩૨.૬ | ૬૬.૭ | ૭૨.૯ | ૯૭.૩ | ૨૪.૧ | ૧૨.૯ | ૬૧.૬ |
| જમીનવિહોણા | ૧૨ | ૪૨૪.૭ | ૨૩.૩ | ૧૫.૮ | ૪.૬ | ૭.૯ | ૫.૮ | ૨૫.૮ |
| કુલ | ૬૮ | ૭૩૯.૦ | ૩૬.૯ | ૨૬.૧ | ૨૬.૬ | ૧૧.૭ | ૮.૯ | ૩૩.૦ |
| | | (૬૩.૪) | (૩.૨) | (૨.૨) | (૨.૩) | (૧.૦) | (૦.૮) | (૨.૮) |

(કૌંસમાંના આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)



કોઠો-૬:[illegible] (ચાલુ)

| ચા | મસાલા | તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં/જોડાં | સામાજિક ખર્ચ | દવાદારૂ તેમજઅન્ય | કુલ | ઘરનું | રોકડા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫.૦ | ૨૦.૬ | ૩૯.૪ | ૧.૬ | - | ૯૧.૧ | ૩.૯ | ૩.૮ | ૬૧૭.૪ | ૨૩૯.૦ | ૩૭૮.૪ |
| ૧.૭ | ૨૫.૮ | ૪૫.૦ | ૩.૨ | - | ૯૯.૯ | ૫.૦ | ૫.૧ | ૭૭૨.૪ | ૪૧૪.૧ | ૩૫૮.૩ |
| ૧.૪ | ૩૩.૬ | ૩૨.૯ | ૯.૧ | - | ૧૧૨.૨ | - | ૬.૦ | ૮૬૩.૪ | ૫૭૮.૭ | ૨૮૪.૭ |
| ૧.૬ | ૨૮.૪ | ૫૪.૨ | ૧.૬ | - | ૧૧૬.૨ | ૧.૭ | ૫.૪ | ૮૭૮.૮ | ૪૯૦.૦ | ૩૮૮.૮ |
| ૪.૫ | ૩૦.૦ | ૪૫.૫ | ૧.૦ | - | ૧૬૮.૦ | ૪.૫ | ૧૨.૧ | ૧૪૩૦.૨ | ૯૭૪.૧ | ૪૫૬.૧ |
| ૧૧.૭ | ૪૨.૯ | ૭૦.૯ | ૮.૩ | ૧૬.૫ | ૨૫૪.૧ | ૨.૫ | ૧૦૦.૮ | ૨૫૨૬૮ | ૧૭૦૦.૨ | ૮૨૬.૬ |
| ૧.૨ | ૨૫.૦ | ૪૧.૭ | ૨.૧ | - | ૧૧૨.૫ | ૨.૬ | ૧૦.૬ | ૭૦૩.૬ | ૮૨.૭ | ૬૨૦.૯ |
| ૪.૨ | ૨૯.૭ | ૪૭.૯ | ૩.૮ | ૨૯.૫ | ૧૪૦.૬ | ૩.૧ | ૨૩.૯ | ૧૧૬૪.૯ | ૬૬૫.૪ | ૪૯૮.૫ |
| (૦.૪) | (૨.૫) | (૪.૨) | (૦.૩) | (૨.૫) | (૧૨.૧) | (૦.૨) | (૨.૧) | (૧૦૦.૦) | (૫૭.૧) | (૪૨.૯) |

કોઠો- ૬:૧૪

આવક પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ

| આવકજૂથ | કુટુંબની સંખ્યા | ખોરાક | શાકભાજી | માંસ/ઈંડા | દૂધ-ઘી | ખાંડ | ગોળ | તેલ | ચા | મસાલા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ થી ૨૫૦ | ૧ | ૭૨.૦ | ૧૦.૦ | ૧૦.૦ | - | - | - | ૧૦.૦ | - | ૧૦.૦ |
| ૨૫૦-૫૦૦ | ૧૦ | ૨૫૮.૫ | ૨૧.૦ | ૯.૦ | ૪.૦ | ૧.૦ | ૩.૦ | ૧૬.૦ | - | ૨૨.૫ |
| ૫૦૦-૭૫૦ | ૧૨ | ૪૨૭.૩ | ૩૦.૪ | ૯.૧ | ૭.૫ | ૫.૪ | ૫.૦ | ૨૧.૬ | ૧.૨ | ૨૩.૮ |
| ૭૫૦-૧૦૦૦ | ૧૩ | ૫૫૧.૨ | ૨૫.૮ | ૧૯.૨ | ૧૨.૩ | ૬.૨ | ૧૦.૦ | ૨૮.૧ | ૧.૬ | ૩૧.૧ |
| ૧૦૦૦-૧૫૦૦ | ૨૨ | ૬૮૬.૮ | ૩૬.૧ | ૨૨.૬ | ૧૫.૨ | ૧૩.૨ | ૧૦.૭ | ૩૦.૦ | ૪.૮ | ૨૯.૧ |
| ૧૫૦૦થી વધુ | ૧૦ | ૨૦૧૯.૫ | ૭૯.૫ | ૮૩.૫ | ૧૧૮.૧ | ૩૫.૦ | ૧૫.૦ | ૭૯.૧ | ૧૪.૫ | ૪૫.૦ |
| કુલ | ૬૮ | ૭૩૯.૦ | ૩૬.૯ | ૨૬.૧ | ૨૬.૬ | ૧૧.૭ | ૮.૯ | ૩૩.૦ | ૪.૨ | ૨૯.૭ |
| ટકા | | (૬૩.૪) | (૩.૨) | (૨.૨) | (૨.૩) | (૧.૦) | (૦.૮) | (૨.૮) | (૦.૪) | (૨.૫) |



કોઠો-૬:૧૪(ચાલુ)

| તંબાકુ | બળતણ | શિક્ષણ | કપડાં/જોડાં | સામાજિક ખર્ચ | અન્ય ખર્ચ | કુલ ખર્ચ | ઘરનું ખર્ચ | રોકડ |
|---|---|---|---|---|---|---|---|---|
| - | - | - | ૩૦.૦ | - | - | ૧૪૨.૦ | - | ૧૪૨.૦ |
| ૩૬.૫ | ૧.૦ | - | ૫૫.૦ | ૧.૦ | ૨.૫ | ૪૨૯.૦ | ૧૨૦.૦ | ૩૦૯.૦ |
| ૩૬.૭ | ૦.૭ | - | ૮૪.૪ | ૧.૨ | ૪.૪ | ૬૫૮.૭ | ૨૮૮.૫ | ૩૭૦.૨ |
| ૪૯.૩ | ૩.૦ | - | ૧૧૫.૦ | ૫.૭ | ૫.૨ | ૮૬૩.૭ | ૪૦૮.૬ | ૪૫૫.૧ |
| ૪૬.૧ | ૨.૫ | - | ૧૪૮.૭ | ૫.૦ | ૧૦.૦ | ૧૦૬૦.૮ | ૫૯૭.૦ | ૪૬૩.૮ |
| ૭૯.૫ | ૮.૫ | ૨૦૧.૦ | ૩૨૦.૦ | - | ૧૨૬.૦ | ૩૨૨૪.૨ | ૨૨૧૩.૮ | ૧૦૧૦.૪ |
| ૪૭.૯ | ૩.૮ | ૨૯.૫ | ૧૪૦.૬ | ૩.૧ | ૨૩.૯ | ૧૧૬૪.૯ | ૬૬૫.૪ | ૪૯૮.૫ |
| (૪.૨) | (૦.૩) | (૨.૫) | (૯૨.૧) | (૦.૨) | (૨.૧) | (૧૦૦.૦) | (૫૭.૧) | (૪૨.૯) |

(કૌસમાંના આંકડાઓ ટકાવારી દર્શાવે છે.)

કોઠો- ૧૫

જમીન ધારણના કદ પ્રમાણે સાધનવાર અને હેતુવાર દેવાદાર કુટુંબદીઠ દેવુ

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | દેવાદાર કુટુંબ | રોકડ | વસ્તુ | કુલ | એજન્સી: શાહુકાર | એજન્સી: સ.મંડળી | હેતુ: ઘરખર્ચ અને સામા.ખર્ચ | હેતુ: ખેતીખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦.૧થીર.૫ | ૯ | ૪ | - | ૯૦ | ૯૦ | ૯૦ | - | ૯૦ | - |
| ૨.૫ થી ૫ | ૧૨ | ૫ | ૨૦ | ૬૬ | ૮૬ | ૮૬ | - | ૮૬ | - |
| ૫ થી ૭.૫ | ૭ | ૨ | - | ૩૦ | ૩૦ | ૩૦ | - | ૩૦ | - |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૩ | - | ૧૩૭ | ૧૩૭ | ૧૩૭ | - | ૧૩૭ | - |
| ૧૦ થી ૧૫ | ૧૦ | ૩ | ૨૩૩ | ૯૩ | ૩૨૬ | ૩૨૬ | - | ૩૨૬ | - |
| ૧૫ થી વધુ | ૧૨ | ૫ | ૨૫૨ | ૮૦ | ૩૩૨ | ૧૭૦ | ૧૬૨ | ૧૭૦ | ૧૬૨ |
| જમીનવિહોણા | ૧૨ | ૪ | ૩ | ૪૬ | ૪૯ | ૪૯ | - | ૪૯ | - |
| કુલ | ૬૮ | ૨૬ | ૭૯ (૫૦.૬) | ૭૭ (૪૯.૮) | ૧૫૭ (૧૦૦.૦) | ૧૨૬ (૮૦.૨) | ૩૧ (૧૯.૮) | ૧૨૬ (૮૦.૨) | ૩૧ (૧૯.૮) |

કૌસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.



કોઠો- ૧૬

આવકજૂથ પ્રમાણે સાધનવાર અને હેતુવાર દેવાદાર કુટુંબદીઠ દેવુ

| આવકજૂથ (રૂ.માં) | કુલ કુટુંબ | દેવાદાર કુટુંબો | કુલ દેવુ: રોકડ | કુલ દેવુ: વસ્તુ | કુલ દેવુ: કુલ | એજન્સી: શાહુકાર | એજન્સી: સ.મંડળી | હેતુ: ઘરખર્ચ અને સામા.ખર્ચ | હેતુ: ખેતીખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦.૧ થી ૨૫૦ | ૧૦ | ૧ | ૧૪ | - | ૧૪ | ૧૪ | - | ૧૪ | - |
| ૨૫૦-૫૦૦ | ૧૦ | ૫ | - | ૮૮ | ૮૮ | ૮૮ | - | ૮૮ | - |
| ૫૦૦ - ૭૫૦ | ૧૨ | ૫ | ૨૦ | ૫૮ | ૭૮ | ૭૮ | - | ૭૮ | - |
| ૭૫૦- ૧૦૦૦ | ૧૩ | ૭ | - | ૬૪ | ૭૦ | ૭૦ | - | ૭૦ | - |
| ૧૦૦૦ - ૧૫૦૦ | ૨૨ | ૬ | ૧૧૭ | ૧૧૦ | ૨૨૭ | ૨૨૭ | - | ૨૨૭ | - |
| ૧૫૦૦ થી વધુ | ૧૦ | ૨ | ૪૦૫ | ૫૦ | ૪૫૫ | ૫૦ | ૪૦૫ | ૫૦ | ૪૦૫ |
| કુલ | ૬૮ | ૨૬ | ૭૯ (૫૦.૬) | ૯૭ (૪૯.૪) | ૧૫૭ (૧૦૦.૦) | ૧૨૬ (૮૦.૨) | ૩૧ (૧૯.૮) | ૧૨૬ (૮૦.૨) | ૩૧ (૧૯.૮) |

(કૌસમાના આંકડાઓ ટકાવારી દર્શાવે છે)

આંકડાઓ પરથી જણાય છે કે, જેમની પાસે જમીન વધુ હતી તેઓ વધારે દેવાદાર હતા. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવનાર કુટુંબમાં દેવાદાર દીઠ દેવુ રૂ. ૩૨૬ નું હતું. જ્યારે જમીન વિહોણા કુટુંબના રૂ.૪૯ નું દેવુ હતું. દેવામાં ૫૧ ટકા દેવું રોકડ સ્વરુપમાં હતુ અને ૪૯ ટકા દેવુ વસ્તુના સ્વરૂપમાં કરવામાં આવ્યુ હતું.

સાધનવાર દેવાની હકીકત તપાસતા જણાવા મળ્યુ હતું કે, કુલ દેવામાં ૮૦ ટકા દેવુ શાહુકારનું હતુ. જ્યારે ૨૦ ટકા દેવુ સહકારી મંડળીનું હતુ. હેતુવાર તપાસતા જણાય છે કે ૮૦ ટકા દેવ ઘરખર્ચ માટે અને ૨૦ ટકા દેવું ચાલુ ખેતીખર્ચ માટે કરવામાં આવ્યું હતું. જમીનધારણના કદ પ્રમાણે અને આવક જૂથ પ્રમાણે દેવાની માહિતી કોઠા નં.૧૫ અને કોઠા નં.૧૬ માં આપવામાં આવી છે.

અસ્કયામતો:
---------

તપાસ હેઠળના કુટુંબની સરેરાશ કુટુંબદીઠ અસ્કયામત રૂ.૪૭૮૪ ની હતી. જેમાં ઝાડનો હિસ્સો ૪૬.૫ ટકા, ઘર ૨૪.૬ ટકા, ઢોર ૧૮.૩ ટકા મુખ્યત્વે હતા. જમીન તેમની માલિકીની નહીં હોવાથી જમીનની કિંમત ગણવામાં આવી નથી. પરંતું જમીન પર જે ઝાડો હતા તેની માલિકી તેમની ગણવામાં આવે છે. તેથી તેની ગણતરી કરવામાં આવી હતી. સૌથી વધુ અસ્કયામત ૧૫ એકરથી વધુ જમીન ધરાવનાર પાસે હતી. જ્યારે જમીન વિહોણા (રૂ.૫૦૯) અને અઢી એકર જમીન ધરાવનાર કુટુંબો પાસે (રૂ.૨૧૧૨) ની અસ્કયામતો હતી. જમીન ધારણના કદ પ્રમાણે અસ્કયામતોની વિગત કોઠા-૨૦ માં દર્શાવવામાં આવી છે.



કોઠો–૧૭

જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલ્કત(રૂ.માં)

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | ઝાડ | ઢોર | ખેતીના સાધનો | કૂવા | ઘરવખરી-નાસાધનો | અન્ય મિલકત | ઘરેણાં | મકાન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦.૧ થી ૨.૫ | ૯ | ૧૨૦૦.૦ | ૩૨૩.૭ | ૨૮.૩ | - | ૨૭.૮ | ૪૨.૮ | ૬.૭ | ૪૮૩.૩ | ૨૧૧૨.૨ |
| ૨.૫ થી ૫ | ૧૨ | ૭૮૭.૫ | ૩૨૨.૧ | ૩૩.૩ | - | ૨૮.૨ | ૩૭.૧ | ૨૪.૨ | ૫૩૭.૫ | ૧૭૬૯.૯ |
| ૫ થી ૭.૫ | ૭ | ૪૭૧.૪ | ૬૩૧.૪ | ૬૮.૬ | - | ૩૨.૧ | ૩૬.૭ | - | ૨૧૪.૩ | ૧૪૫૪.૫ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૧૭૫૦.૦ | ૨૭૮.૭ | ૩૫.૮ | - | ૨૬.૭ | ૨૮.૦ | ૨૦.૮ | ૫૫૦.૦ | ૨૬૮૯.૬ |
| ૧૦ થી ૧૫ | ૧૦ | ૩૦૮૮.૦ | ૧૧૬૮.૦ | ૧૬૩.૮ | - | ૭૫.૩ | ૬૦.૩ | ૧૫૫.૦ | ૧૨૭૫.૦ | ૫૯૮૫.૪ |
| ૧૫.૦ થી વધુ | ૧૨ | ૭૨૦૮.૩ | ૨૮૬૩.૩ | ૨૭૧.૩ | ૨૫.૦ | ૩૭૬.૮ | ૧૫૩.૩ | ૧૨૧૦.૪ | ૩૯૫૮.૪ | ૧૬૦૬૬.૮ |
| જમીનવિહોણા | ૧૨ | - | ૪૨.૯ | ૩૪.૬ | - | ૪૦.૮ | ૨૩.૬ | ૧૭.૫ | ૩૫૦.૦ | ૫૦૯.૪ |
| | ૬૮ | ૨૨૨૬.૯ | ૮૭૩.૮ | ૯૯.૯ | ૪.૪ | ૯૯.૧ | ૫૮.૫ | ૨૪૬.૫ | ૧૧૭૭.૨ | ૪૭૮૪.૩ |
| | | (૪૬.૫) | (૧૮.૩) | (૨.૦) | (૦.૧) | (૨.૧) | (૧.૨) | (૫.૨) | (૨૪.૬) | (૧૦૦.૦) |

ઉપરના સમગ્ર વર્ણન પરથી તેમજ ગામ પર લીધેલ મુલાકાત પરથી લાગે છે કે ગામમાં લોકોની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે. મોટાભાગના લોકો એક ઓરડાવાળા મકાનમાં રહેતા હતા. તેમની પાસેઘરવખરીના ઘણાં જૂજ સાધનો હતા. ઓઢવા-પાથરવા માટે કશું નહોતું. ખેતીની જમીન ધરાવતા હતા. પરંતુ પાણીની તંગીને કારણે માત્ર વર્ષમાં એક જ વાર પાક લઇ શકતા હતા. સાધનો જુના તેમજ જૂનવાણી પધ્ધતિની ખેતીને કારણે એકરદીઠ ઉત્પાદન ઓછું આવતું હતુ. ખેતી સિવાય અન્ય ધંધા રોજગારીની નજીવી આવક મેળવતા હતા. ઢોરોની સંખ્યા વિશેષ હતી. પરંતુ તેમાંથી ઉપજ ઘણી ઓછી આવતી હતી. આવક કરતા ખર્ચ વધુ હોવાથી દેવુ કરવું પડતું હતું. મોટાભાગનું દેવુ શાહુકાર પાસેથી અને ઘર ખર્ચ માટે કરવામાં આવતું હતું. એકરદીઠ ઉત્પાદન ઓછું આવતુ હોવાથી આવક ઓછી આવે છે. તેથી ખેતીમાં મૂડી-રોકાણ પણ કરી શકતા નથી. સુધારેલ બિયારણ તેમજ ખાતરનો ઉપયોગ પણ કરતા નથી.

આ ગામમાં શાહુકારની પકડ મજબૂત છે. સહકારી મંડળી દ્વારા ધિરાણ ઓછુ કરવામાં આવે છે. છેલ્લા ઘણા વર્ષોથી આદિવાસી વિસ્તારમાં વિવિધ યોજનાઓ દ્વારા અનેક ઘણો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ આ યોજનાઓનો પૂરેપૂરો લાભ તેમને મળ્યો નથી. ગામના લોકોનીઆર્થિક સ્થિતિ સુધારવા માટે તેમના માટે થતી વિકાસ યોજનાઓનો લાભ તેમને પહોંચે તથા તેમાં જરૂરી સુધારા થાય તે જોવાની જરૂર છે. તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે પૂરક ધંધા-રોજગારીના સાધનો આપવા જોઇએ. ખેતીનું ઉત્પાદન વધારવા માટે ખાતર, સારું બિયારણ, સારા ઓજારો, નવીન પધ્ધતિની વાત આદિવાસીઓને સમજાતી નથી. આથી આવા ગામોમાં તેઓ નવી



પધ્ધતિઓ અપનાવતા થાય તે માટે તેમને સમજ આપવી જોઇએ. ગામમાં સિંચાઇની સગવડ માટે નવા કૂવાઓ કરવા જોઇએ. આમ વિવિધ રીતે ઉત્તેજન આપી તેમની આર્થિક સ્થિતિ સુધારવા પ્રયત્નો કરવા જોઇએ.

## પ્રકરણ – ૩

### ગાઢવી ૧૯૬૯ – ૧૯૭૯

**તુલનાત્મક સ્થિતિ:**

ગુજરાતમાં સૌથી વધુ વનરાજી વિભુષિત ડાંગ જિલ્લો, માત્ર એક જ તાલુકાનો નાનો અને તેની આદિવાસી વસ્તીની વિપુલતાની દ્રષ્ટિએ વિશિષ્ટ ગણી શકાય તેવો જિલ્લો છે. તેનું ક્ષેત્રફળ ૬૮૯ ચો.માઇલનું છે. ડાંગની આદિવાસી જાતિઓમાં ભીલ, કુનબી, વારલી, ગામીત, કાથોડી અને કોટવાળિયા જાતિઓનો સમાવેશ થાય છે. તેમાં મુખ્ય વસતિ ભીલ અને કુનબી બે જ જાતિઓની છે. ઉત્તર ડાંગમાં પીપલદહાડની આસપાસ અને સૂરતન જિલ્લાની વચ્ચે આવેલી નાની પટ્ટીમાં આવચી-ગામીત આદિવાસી જાતિઓ, અને દક્ષિણ ડાંગમાં માન મહુડી વિસ્તારના ત્રણેક ગામોમાં કાથોડીઓ વસે છે. તાજેતરના વર્ષોમાં અન્ય વિસ્તારોમાં વાંસની અછત ઉભી થતાં ડાંગમાં વાંસ પ્રાપ્ય હોવાથી વ્યવસાયાર્થે અહીં આવેલા કોટવાળિયાઓ પણ કેટલાંક ગામોમાં સ્થિર થયા હોવાનું જણાયું છે.

આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર તરફથી, વિવિધ આદિવાસી જાતિઓના અભ્યાસના એક ભાગ રૂપે વિવિધ ભીલ જાતિઓના અભ્યાસના એક ભાગરૂપે, ગાઢવી ગામ પણ પસંદ કરવામાં આવ્યું હતુ. ગાઢવી, ડાંગમાં વિશિષ્ટ રીતે જોવા મળતો પાંચ ડાંગી રાજાઓ અને નવ નાયકોના સામંતશાહી પધ્ધતિ પર આધારિત રાજકીય વ્યવસ્થાનો અગ્રણી માજી રાજાનું મૂળ વતન અને રાજગાદીનું ગામ છે. અત્યારે પણ



માજી રાજા ઉમરશિંગ આજે ગામમાં રહે છે. વસતિ ગણતરીની મોજણી ટાણે આ રાજાનું પોતાનું પાકુ મકાન હતું. પણ પુર્નમોજણી ટાણે એ પણ કાચી ઝૂંપડીમાં રહેતા હતા. અને પોતાની ખેતી વગેરે સંભાળતા હતા. અને આ રાજાના પૂર્વજોએ ડાંગમાંના પીપરી વિસ્તારમાંથી કુનબી ખેડૂતોને પોતાને ત્યાં લાવીને વસાવ્યા હોવાનું માહિતી દર્શકોએ જણાવેલું. જોકે ગામમાંની ત્રણ મહત્વની જાતિઓ ભીલ, વારલી અને કુનબી ચોકકસ કયારે અહીં આવીને વસી એ અંગે ચોકકસપણે કોઇ કહી શકે તેમ નહોતું.

ગાઢવી ડાંગની પમાણમાં ઠીક ઠીક મોટા ગામોમાંનું એક લેખાય છે. જિલ્લાના મુખ્ય મથક આહવાથી ઉત્તરે ૧૫ કિ.મી.ના અંતરે તે આવેલું છે. તેની પૂર્વે જામનાપાડા ઉત્તરે નાની કસાડ, મોટી [illegible] અને પૂર્વે કોટબા ગામ વન વટાવતા આવે છે. તેની પડોશમાં આવેલું જામના પાડા ગામ દ્વારા તે પાડા રસ્તે સાથે સંકળાયેલું છે. આહવાથી મહાલ માર્ગે ચીખલી જતી બસો આ ગામ થઇને પસાર થાય છે. ગામમાં દર દિવાળીથી હોળી સુધી અઠવાડિક હાટ ભરાય છે. તેમાં આહવા, વઘાઇ સ્થળેથી કેટલાંક શાહુકારો પણ વ્યાપારાર્થે આવે છે. અને તેમને ત્યાં ગામના ઘણાખરા ખેડૂતોના પોતાના ખાતા રહે છે.

આ ગામ અંગેની અને વર્તમાન મોજણી સાથે સંબંધિત અન્ય વિગતોમાં જઇએ તે પહેલા હવે પછીના વર્ણનમાં વપરાયેલા કેટલાક શબ્દ સમૂહોના ક્ષેત્રવ્યાપ બાંધવાનો આપણે પ્રયાસ કરીશું.

હવે પછીની નોંધમાં, મૂળ મોજણી કરે છે એટલે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી વિવિધ આદિવાસી જાતિઓના અભ્યાસના એક ભાગ રૂપે, ભીલ આદિવાસી જાતિના આ વિભાગના એક નમૂનારૂપે ગામ તરીકે ગાઢવીમાં હાથ ધરાયેલ મોજણી, આ મોજણી ૧૯૬૯ના ગાળામાં શરુ કરીને પૂરી કરવામાં આવી હતી. પુર્ન મોજણી એટલે ભીલ પુર્ન અભ્યાસી યોજનાના એક ભાગ રૂપે ફેબ્રુઆરી ૧૯૭૯માં કેન્દ્ર તફરથી ગુજરાતના ભીલ વસ્તી ધરાવનારા વિવિધ ભાગોમાં હાથ ધરાયેલી મોજણીના એક ભાગરૂપે કરવામાં આવેલી મોજણી. એટલે તે રીતે મૂળ મોજણી વર્ષ એટલે ૧૯૬૯ને પુર્નમોજણી વર્ષ એટલે ૧૯૭૯ વસતિ ગણતરી મોજણી. ૧૯૬૧ના ગ્રામ અભ્યાસના એક ભાગરૂપે, વસતિ ગણતરી વિભાગ તર : હાથ ધરવામાં આવેલી. તપાસ હેઠળનું ગામ એટલે ગાઢવી. અને તપાસ હેઠળના કુટુંબ એટલે જે મૂળ મોજણીમાં અને પૂર્વ મોજણીમાં સમાવવામાં આવ્યા છે તેવાં ૩૪ ભીલ કુટુંબો. મહદંશે આ મોજણીના મુખ્ય માહિતી દર્શકો એટલે જેમાં અન્યથા નિર્દેશ ન થયો હોય ત્યાં જે તે કુટુંબના વડીલો, પાડા એટલે ગામનો એક પેટા વિભાગ અથવા ફળિયુ.

નોંધમાંની કેટલાંક શબ્દસમૂહ અંગેની આટલી સ્પષ્ટતા પછી, તપાસ હેઠળના ગામ અંગેની અન્ય કેટલીક વિગતો અંગેનો સંક્ષેપ ખ્યાલ મેળવીશું.

કોઠો : ૧

ગાઢવી ગામમાં જાતિવાર અને પાડાવાર (ફળિયાવાર) કુટુંબસંખ્યા

| ક્રમ | પાડાનું નામ | જાતિવાર કુટુંબ સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ભીલ | કુનબી | વારલી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | રુઇમાળ | ૭૦ | ૫૭ | ૧ | ૧૨૮ |
| ૨. | ગાંવઠણ | ૧૩ | ૧૬ | ૩ | ૩૨ |
| ૩. | ગોંડલવિહીર | ૧ | ૯ | - | ૧૦ |
| ૪. | ખોંડેલનાપાડા ખંડેરપાડા | ૪ | - | - | ૪ |
| ૫. | પાટવિહીર | ૨ | ૫ | ૧ | ૮ |
| ૬. | કુલ | ૯૦ | ૮૭ | ૫ | ૧૮૨ |



કોઠા પરથી જોઇ શકાય છે કે ગાઢવીમાં ડાંગની મહત્વની આદિવાસી જાતિઓ ભીલ, કુનબી, અને વારલી ત્રણેની વસતિ, પુર્નમોજણીના સમયે હતી. તેમાં ભીલોની અને કુનબીઓની કુટુંબ સંખ્યા લગભગ સરખી હતી. ગામના મુખ્ય ફળિયા રુઇમાળ યા કારભારી પાડામાં સૌથી વિશેષ ઘરો હતા. વસ્તી ગણતરી મોજણી, અને આ અભ્યાસની મૂળ મોજણીની જેમ પુર્નમોજણી વખતે પણ આ પાડો, ગામના મુખ્ય પાડા તરીકેનું પોતાનું મુળ સ્થાન સાચવી રાખી શકયો શકયો હતો. ત્યાર બાદ વિશેષ વસ્તી ગાંડવડ પાડામાં અને ગોંડલવિહીરમાં હતા. ખંડેરના પાડામાં વસતિ ગણતરી મોજણી વખતે જે વસતિ હતી તેમાં ઘટાડો થયો છે. પણ મુખ્યત્વે ગાઢવીના રાજાના ભાયાતો અને પિનરાઇઓની વસતિવાળા આ પાડામાં પુર્નમોજણી વખતે રાજા પોતે પણ ત્યાં પોતાની ઝૂંપડી બાંધી રહયા હતા. ગામના નવા ભાગ તરીકે ઉમેરાયેલા અનેગામના મુખ્ય પાડાઓની દોઢેક કિ.મી.ના અંતરે આવેલા અને સંખ્યાબંધ સામાજિક સંસ્કૃતિક વ્યવહારોમાં અલગ એકમ તરીકે કામ કરતા પાટવિહીરમાં તાજેતરની પુર્નમોજણી વખતે સંખ્યા વધી છે. કોઠા પરથી જોઇ શકીએ છીએ તે પ્રમાણે માજી રાજાની જમીનવાળા ખંડેરપાડામાં માત્ર ભીલો

અને તેનાથી ઉલટી દિશામાં આવેલા ગોંડલ વિહીરમાં માત્ર કુનબીઓ પુર્નમોજણી સમયે વસતા હતા. જયારે તે સિવાયના બાકીના પાડાઓમાં ભીલ-કુનબી બન્નેની વસતિ હતી.

ગાઢવીની પુર્નમોજણીના સમયે પાડાવાર કુળવાર સંખ્યા કોઠા-૨ માં દર્શાવ્યા પ્રમાણે હતી.

કોઠો-૬:૨

પાડાવાર અને કુળવાર કુટુંબસંખ્યા (૧૯૭૯)

| ક્રમ જાતિ | કુળ નામ | પાડાનું નામ: રુઇમાળ ૧ | ગાવંઠણ ૨ | ગોંડલ વિહીર ૩ | ખડેર પાડા ૪ | પાટ વિહીર ૫ | કુલ ૬ |
|---|---|---|---|---|---|---|---|
| ભીલ | પવાર | ૭૦ | ૧૩ | ૧ | ૪ | ૨ | ૯૦ |
| કુનબી | અલબાડ | ૫ | ૧ | - | - | - | ૬ |
| | ચવધરી | ૪ | ૨ | - | - | - | ૬ |
| | દેશમખ | ૪ | - | - | - | - | ૪ |
| | ગાવિત | ૭ | ૬ | ૭ | - | ૧ | ૨૧ |
| | પવાર | ૧ | - | - | - | - | ૧ |
| | બાગાળે | ૧ | - | ૧ | - | - | ૨ |
| | ભોયે | ૨૫ | ૧ | - | - | ૪ | ૩૦ |
| | સોરાટ | ૧ | - | - | - | - | ૧ |
| | મહાલે | ૧ | - | - | - | - | ૧ |
| | પાડવી | ૧ | ૧ | - | - | - | ૨ |
| | વાઘેરા | ૧ | - | - | - | - | ૧ |
| | જાદવ | ૨ | - | ૧ | - | - | ૩ |
| | ગાંગુર્ડે | - | ૩ | - | - | - | ૩ |
| | ગાળી | - | ૨ | - | - | - | ૨ |
| | વાઘેય | ૨ | - | - | - | - | ૨ |
| | અપ્રાય | ૨ | - | - | - | - | ૨ |
| વારલી | ઢાકર | - | ૨ | - | - | - | ૨ |
| | અપ્રાપ્ય | ૧ | ૧ | - | - | ૧ | ૩ |
| કુલ | | ૧૨૮ | ૩૨ | ૧૦ | ૪ | ૮ | ૧૮૨ |



કોઠા પરથી જણાય છે કે સૌથી વધુ કુટુંબ સંખ્યા ધરાવનાર ભીલોમાંથી તપાસ હેઠળના ગામમાં માત્ર એક જ કુળના લોકો વસતા હતા. માજી રાજા પોતે પણ એક કુળમાં હતા. તેમની વંશાવળીનો જો વિગતવાર અભ્યાસ કરીએ તો લગભગ બધા જ કુટુંબો રાજાની વંશજૂથમાંથી મળવાની સંભવિતતા છે. જયારે સૌથી વધુ કુળો, કુનબી જાતિમાં જોવા મળ્યા હતા. એક જ પાડામાં અમુક જ કુળનું જોવા મળતું હોય તેવું

ભાયે જેવા પ્રાધાન્ય હોય તેવું ભાયે જેવા કેટલાક કુળમાં જોવા મળતા હતા. જોકે બીજી બાજુ અમુક કુળ એવા પણ જોવા મળતા હતા કે જેમાં નામ માત્રના એકાદ બે કુટુંબ હોય. દા.ત. રુઇમાળમાં મહાલે, પાડવી, ઓરાટ, વાઘેરાણ હતા.

પ્રસ્તુત નોંધ ભીલ અર્થવ્યવસ્થાને લગતી હોઇ હવે પછી માત્ર પસંદ કરેલા ભીલ કુટુંબો અંગેની વિગતોનું જ વિશ્લેષણ કરવામાં આવ્યું છે, તેને વિગતે જોઇએ.

શિક્ષણ:

ગાઢવીમાં મૂળ મોજણી તેમજ પુર્નમોજણી ટાણે અક્ષરજ્ઞાન ધરાવનારાઓની સંખ્યાનો ખ્યાલ નીચેના કોઠા પરથી આવે છે.

કોઠો—૩

કુટુંબવાર ભણેલાં સ્ત્રી-પુરુષોની સંખ્યા દર્શાવતો કોઠો

| ૧૯૬૯ | ૧૯૭૯ અક્ષરજ્ઞાન ધરાવનારનીસંખ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરુષો | | | | | | સ્ત્રીઓ | | | |
| | અભણ | ૧ | ૨ | ૩ | ૪ | કુલ | અભણ | ૧ | ૨ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| બધા જ અભણ | ૧૦ | ૬ | ૨ | ૧ | - | ૧૯ | ૨૩ | ૫ | ૧ | ૨૯ |
| માત્ર ૧ ભણેલ હોય | ૫ | ૧ | ૨ | ૧ | ૧ | ૧૦ | ૩ | ૧ | ૧ | ૫ |
| માત્ર ૨ ભણેલ હોય | ૩ | - | ૧ | - | - | ૪ | - | - | - | - |
| માત્ર ૩ ભણેલ હોય | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - |
| કુલ | ૧૮ | ૭ | ૫ | ૩ | ૧ | ૩૪ | ૨૬ | ૨ | ૨ | ૩૪ |



દસ કુટુંબો એવા હતા કે જેમાં એક પણ પુરુષ અને ૨૩ કુટુંબો એવા હતા કે જેમાં એક પણ સ્ત્રી મૂળમોજણી યા પુર્નમોજણી ટાણે ભણેલી નહોતી. જ્યા મૂળ મોજણી વખતે ભણેલ હોય ત્યાં પુર્નમોજણી વખતે કુટુંબમાં એક પણ સભ્ય ભણેલ ન હોય તેવા કુટુંબો પણ મળ્યા હતા. માત્ર બે ચાર ચોપડીનું અક્ષરજ્ઞાન મૂળમોજણી વખતે પ્રાપ્ત કર્યું હોય પણ પાછળથી તેનો ઉપયોગ ન થવાથી તે કટાઇ ગયેલ હોય અને ફરીથી નિરક્ષરતાના રૂપમાં સરી પડેલ હોય તેવા કુટુંબોની નોંધપાત્ર સંખ્યા સ્ત્રીઓ અને પુરુષો બંનેમાં જોવા મળી હતી. અલબત તેમાં કેટલાક કુટુંબનું વિભાજન થવાથી યા લગ્નથી અન્યત્ર જતાં જે તે કુટુંબમાં કોઇ ભણેલ ન રહયો હોય તેવા પણ કિસ્સા છે. પણ તેવા કિસ્સાઓ પણ એટલું તો સૂચવી જાય જ છે કે જે તે કુટુંબમાં પુર્નમોજણી વખતે કોઇ ભણેલું નહોતું.

મૂળમોજણી તેમજ પુર્નમોજણી ટાણે ભણેલાઓની સંખ્યા સ્ત્રીઓ તેમજ પુરુષોમાં જે કુટુંબોમાં યથાવત્ રહી હોય તેવા કુટુંબસંખ્યા સ્ત્રીઓમાં તેમજ પુરુષોમાં ૩ ની જોવા મળી હતી.

બન્ને મોજણીઓમાં સ્ત્રીઓની તુલનામાં પુરુષોમાં ભણેલાઓનું પ્રમાણ સવિશેષ હતું. મૂળમોજણીની તુલનામાં પુર્નમોજણીમાં ભણેલાઓનું પ્રમાણ સ્ત્રીઓ તેમજ પુરુષોમાં થોડું વધ્યું હતુ. કોઠામાં જોઇ શકીએ છી-એ તે પ્રમાણે સ્ત્રીઓમાં ત્રણ જ કુટુંબોમાં મૂળ મોજણી ટાણે ભણનારાઓની યા ભણેલાઓની સંખ્યા એકેકની હતી. જ્યારે પુર્નમોજણી ટાણે આ સંખ્યા છ કુટુંબોમાં એકેક અને ૨ કુટુંબોમાં બબ્બેની હતી. તે જ રીતે પુરુષોમાં પણ મૂળમોજણી ટાણે દરેક કુટુંબમાં એક બે યા ત્રણ પુરુષો ભણેલા યા ભણતા હોય તેવી સંખ્યા અનુક્રમે ૧૦, ૪, અને ૧ મળી ૧૫ કુટુંબોની હતીજ્યારે પુર્નમોજણી ટાણે આ સંખ્યામાં માત્ર એકજ દાયકાના અંતરે નગણ્ય વધારો થયો હતો. અલબત મૂળ મોજણીની તુલનામાં પુર્નમોજણી

ટાણે એક કરતા વધારે પુરુષ સભ્યો ભણેલા યા ભણતા હોય તેવી સંખ્યા થોડીક વધી છે એમ જરુર દર્શાવે છે કે ભણતરનું પ્રમાણ કેટલાક કુટુંબોમાં થોડું વધી રહ્યું છે.

તપાસ હેઠળના કુટુંબોની પુર્નમોજણી વખતની જમીનની માલિકી અંગેની પરિસ્થિતિ નીચે પ્રમાણે હતી.

કોઠો—ક:૪

જમીનનું પ્રમાણ(હેકટરમાં)

| જમીનનું પ્રમાણ | કુટુંબ સંખ્યા | પ્રમાણ |
|---|---|---|
| ૦-૪૦ | ૧ | |
| ૦-૪૦ થી ૦-૮૦ | - | |
| ૮૦ થી ૧ હેકટર | ૧ | |
| ૧ થી ૨ હેકટર | ૫ | |
| ૨ થી ૫ હેકટર | ૯ | |
| ૫ થી ૧૦ હેકટર | ૭ | |
| ૩૫ | ૧ | |
| કુલ | ૨૪ | |



કોઠા પરથી જણાય છે કે તપાસ હેઠળના કુટુંબોમાં જમીન ધારણકર્તાઓમાં ૧ થી ૫ હેકટર વચ્ચેની જમીન ધારણ કરનારાઓનું પ્રમાણ સૌથી વધારે છે. ૫ થી ૧૦ હેકટર વચ્ચે ૭ કુટુંબો જમીન ધરાવે છે, જ્યારે ગાઢવીના રાજા પોતે ૩૫ હેકટર જમીન ધરાવે છે. મૂળ મોજણી પુર્નમોજણીના ગાળામાં જમીન ધારણકર્તાઓની જમીન વધી છે કે કેમ એ અંગેની વિગતોના વિશ્લેષણ પરથી જણાય છે કે ૧૩ કિસ્સાઓમાં જમીન વધી છે. કણમાં તાજેતરમાં જ જમીન માલીકી થઇ છે એટલે એ સંજોગોમાં મૂળ મોજણી ટાણેના વિચારણા હેઠળના કિસ્સાઓમાં પાછળથી જે તે જમીન તેમને સોંપાઇન હોવાને કારણે પુર્નમોજણી ટાણે તેમની જમીન વધી હોવાનું જણાય છે. જ્યારે તેનાથી ઉલટું તેટલી જ સંખ્યાના કુટુંબોમાં જમીન ઘટી છે આવા કિસ્સાઓનું વિગતવાર વિશ્લેષણ દર્શાવે છે કે આવો ઘટાડો, મિલ્કત વિભાજન, યા જંગલની જમીન ખેડતા હોવાને લીધે તેને મળેલી નામંજુરી, જમીન અપહરણ, વગેરે બાબતો કેટલેક અંશે જવાબદાર છે.

૩ કુટુંબોને નવેસરથી જમીન મળી છે જયારે ૪ કુટુંબો એવા છે કે જેમની પાસે મૂળમોજણી ટાણે પણ જમીન નહોતી અને પુર્નમોજણી ટાણે પણ નથી. એક કિસ્સામાં જમીન બિલકુલ યથાવત્ રહી હોવાનું નોંધાયું છે.

હવે અર્થોપાર્જન માટેના સંઘર્ષમાં કુટુંબના કેટકેટલા સભ્યોએ જોડાવું પડે છે, તે અંગેની વિગતો જોઇશું.

### કોઠો–૩:૫

#### કુટુંબદીઠ કમાનારની સંખ્યા

| કમા-નારની સંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૫ | ૧૬ | ૭ | ૪ | ૧ | ૧ | - | - | - | - | ૩૪ |
| ૧૯૭૯ | ૩ | ૬ | ૧૩ | ૮ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | ૩૪ |

કુટુંબદીઠ કમાનારની સંખ્યા દર્શાવતા ઉપરોકત કોઠા પરથી જણાય છે કે મૂળ મોજણીની તુલનામાં પુર્નમોજણી ટાણે, રોજી રળવામાં કુટુંબના વધારે સભ્યોએ સક્રિય હિસ્સો આપવો પડતો હતો. કુટુંબમાં બે સભ્યોએ રોજી રળવી પડતી હોય તેવી સંખ્યા મૂળમોજણી ટાણે ૧૬ ની અને તેથી વધુ સભ્યો હોય તેવી ૧૩ ની હતી. જ્યારે પુર્નમોજણી ટાણે ત્રણ સભ્યો રોજી રળતા હોય તેવી સંખ્યા ૧૭ની હતી અને તેથી વધુ સભ્ય સંખ્યા રોજીરળવામાં હોય તેવી ૧૨ ની હતી. પેટિયુ રળવાના આ સંઘર્ષમાં બાળકોએ પણ જોડાવું પડતું હતું તેનો ખ્યાલ નીચેના કોઠા પરથી આવે છે.



### કોઠો–૩:૬

#### બાળકો મજૂરીએ જતા હોય તેવી સંખ્યા

| | | ૧૯૭૯ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | નથી જતાં | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | કુલ |
| નથી જતાં | ૧૨ | ૮ | ૭ | ૩ | - | ૧ | |
| ૧ | ૧ | ૨ | - | - | - | - | |

ઉપરના કોઠા પરથી જણાય છે ૧૯૬૯ની તુલનામાં ૧૯૭૯માં વધુ બાળકો રોજી રળવામાં રોકાયેલા હતા. મૂળ મોજણી ટાણેમાં જેમાં એક બાળક રોજી રળવામાં રોકાયેલ હોય તેવા માત્ર બે જ કુટુંબો હતા જ્યારે પુર્નમોજણી ટાણે આ સંખ્યા ૮ કુટુંબોની હતી. ૧૧ કુટુંબોમાં તો એક કરતા વધુ બાળકો રોજી રળવામાં રોકાયેલા હતા. જે પ્રમાણ મૂળમોજણીની તુલનામાં ઠીક ઠીક મોટુ લેખાય.

હવે કુટુંબના આ કમાનાર સભ્યોના સંયુકત પ્રયાસના પરિણામે થતી આવક તેમજ ખર્ચની અને અસ્કયામતોની વિગતો જોઇશું

તપાસ હેઠળના ગામની કુલ અસ્કયામતો મૂળમોજણી ટાણે અને પુર્નમોજણી ટાણે નીચે દર્શાવ્યા પ્રમાણેની હતી.

કોઠો-૩:૭

કુલ અસ્કયામતો (રુપિયામાં)

| વર્ષ | ૧૦૦થી નીચે | ૧૦૧થી ૫૦૦ | ૫૦૧થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૦૧ ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | - | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૮ | ૩૪ |
| ૧૯૭૯ | ૧ | ૪ | ૩ | ૨ | - | ૩ | ૨૧ | ૩૪ |

કોઠા પરથી જણાય છે કે મૂળમોજણી ટાણે એક ડઝન જેટલાં કુટુંબોની અસ્કયામતો એક હજાર જેટલી હતી જ્યારે પુર્નમોજણી ટાણે આ સંખ્યા આઠની હતી. મૂળમોજણી ટાણે એક હજારથીબે હજાર વચ્ચે આઠ, અને ૨૦૦૦થી ૩૦૦૦ વચ્ચે ૧૧ કુટુંબોની અને પુર્નમોજણી ટાણે આ સંખ્યા અનુક્રમે ૨ અને ૩ની હતી. મુળ મોજણી ટાણે ૩૦૦૧ થી ઉપરની અસ્કયામતો ધરાવનાર ૮ કુટુંબ હતા. જ્યારે પુર્નમોજણી ટાણે આ સંખ્યા ૨૧ ની હતી. આમ મૂળમોજણીના સંખ્યા પ્રમાણમાં પુર્નમોજણી ટાણે અસ્કયામતોમાં ઉપલક રીતે તો વધારો થયો હોય એમ જણાય છે.

પણ આ એક જ વ્યકિતના શીરે થતી આવક અને કેટલાક નજીકના ભાઇભાંડુઓમાં આ રકમના અમુક હિસ્સાની થતી વહેંચણી કરતા વધારે અસરકારક વહેંચણી ધરાવતી અને અર્થવ્યવસ્થા પર નોંધપાત્ર અસર દર્શાવતી બાબત ગૃહઉધોગમાંની થતી આવક અંગેની છે પુર્નમોજણીથી લગભગ વરસેકના ગાળા પહેલા તપાસ હેઠળના ગામમાં



અંબર ચરખાના વર્ગો શરુ થયા હતા. અને તે કુટુંબના સભ્યોને મર્યાદીત સમયમાં નિયમિત રીતે આવક ઉભી કરવામાં ઓછામાં ઓછું પુર્નમોજણીના વર્ષ પૂરતું તો તે સહાયભૂત થઇ શકી છે. આવી કોઇ આવક મૂળ તપાસના વર્ષમાં નહોતી તેનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઇએ.

આવક:- જુદા જુદા વ્યવસાયેવાર કુલ આવક અને કુલ આવકમાંના પ્રમાણ અંગેની વિગતો નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે.

કોઠો-૩:૮(તપાસ હેઠળના કુટુંબોની વિવિધ વ્યવસાયોમાંથી થતી કુલ આવક તેમજ પ્રમાણ)

| વ્યવસાય | ખેતી | ખેતમજૂરી | જંગલમજૂરી | ગૃહઉધોગો | પગાર | અન્યઆવક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૭૦૨૮ | ૧૧૯૭૭ | ૪૮૧૫ | - | ૨૬૪ | ૧૩૭૭૭ | ૪૭૮૬૧ |
| ટકા | ૩૫.૬ | ૨૫.૦ | ૧૦.૧ | - | ૦.૫ | ૨૮.૮ | ૧૦૦.૦ |
| ૧૯૭૯ | ૧૮૫૧૯ | ૩૦૭૧૩ | ૧૦૬૬૨ | ૧૦૫૪૦ | - | ૧૭૭૮૦ | ૮૮૨૧૪ |
| ટકા | ૨૧.૦ | ૩૪.૮ | ૧૨.૧ | ૧૧.૯ | - | ૨૦.૨ | ૧૦૦.૦ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે મૂળ મોજણી ટાણે તપાસ હેઠળનાં કુટુંબોમાં ખેતીમાંથી થતી આવક સૌથી વધુ હતી. ઇત્તર આવક ખેતમજૂરી તેમજ જંગલ મજૂરી ની આવક તે પછીના ક્રમમાં આવતી હતી. જ્યારે પુર્નમોજણી ટાણે આ ચિત્રમાં કેટલેક અંશે સ્પષ્ટ ફેરફાર થયેલો દેખાય છે. તપાસ હેઠળનાં કુટુંબોની અર્થવ્યવસ્થામાં ૧૯૭૯માં ખેતીનું સ્થાન નિદાન છેલ્લા તપાસ હેઠળના વર્ષ પૂરતુ તો ખેતીને બદલે ખેત મજૂરીએ લઇ લીધુ છે. પુર્નમોજણી ટાણે ખેત મજૂરીમાંથી મળતી સૌથી વધુ આવક પછી, બીજા ક્રમમાં ખેતી આવી શકે છે. અને ત્યાર બાદ ઇત્તર આવક આવે છે. ગાઢવીના માજી રાજાનો તપાસ હેઠળના કુટુંબોમાં સમાવેશ થાય છે.

અને તેમની આ આવક સૌથી વધુ હોવાથી સ્વાભાવિક રીતે જ આ આંક ઘણો મોટો લાગે છે. વાસ્તવમાં તેનાથી સમગ્ર ભીલ અર્થવ્યવસ્થામાં, તેમના નજીકના સંબંધીઓને બાદ કરતા આ આવકનો બહુ નોંધપાત્ર હિસ્સો ભીલ અર્થવ્યવસ્થામાં સમગ્રતયા નથી.

૧૯૬૯ની તપાસ સમયે તપાસેલ કુટુંબોની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૧૪૦૮ હતી. જે વધીને ૧૯૭૯ની તપાસ સમયે ૨૫૯૫ ની થઇ હતી. માથાદીઠ વાર્ષિક આવક ૧૯૬૯માં રૂ. ૨૪૫૨ ની હતી, જ્યારે ૧૯૭૯માં માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૪૨૪ ની હતી. આમ બન્ને વર્ષો દરમિયાન જે તે વર્ષના ભાવની સપાટીએ બધા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવતા માલુમ પડયા હતા.

ગાઢવીમાં તપાસ હેઠળના કુટુંબોની આવકના મુખ્ય સાધનોમાં ખેતી, પશુપાલન જંગલમજૂરી, ખેત મજૂરી અને અન્ય મજૂરી, ગૃહ ઉદ્યોગો, તેમજ નોકરીની આવકનો સમાવેશ થાય છે. વિ[illegible] પ્રકારની આવક જૂથોની વિગતો દર્શાવતો કોઠો-૯ સાથે આપેલ છે.

જમીનનું પ્રમાણ કેટલાક કુટુંબોમાં ઠીક ઠીક હોવા છતાં પણ હકીકતે, જમીનના પ્રમાણમાં ખેતીમાંથી વિશેષ ઉત્પાદન મૂળ મોજણીના કાળે જેમ સવિશેષ મેળવી શકતા નહોતા તેમ પુર્નમોજણી ટાણે પણ આ આવકમાં ખાસ વધારો થયો નહોતો. મતલબ કે ખેતી અને પશુપાલનના ક્ષેત્રે આ દાયકામાં તપાસ હેઠળના ગામના ભીલોની ખેતી અને પશુપાલનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.



કોઠો-:૯

તપાસ હેઠળના કુટુંબોની વિવિધ ક્ષેત્રોમાંની આવક દર્શાવતો કોઠો

| આવક | આવક | આવકજૂથ | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૦ | ૧ થી ૨૫૦ | ૨૫૧ થી ૫૦૦ | ૫૦૧ થી ૭૫૦ | ૭૫૧ થી ૧૦૦૦ | ૧૦૦૧થી ૧૫૦૦ | ૧૫૦૧થી ૨૦૦૦ | ૨૦૦૧ થી ઉપર | કુલ કુટુંબ સંખ્યા |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ખેતી અને પશુ પાલન | ૧૯૬૯ | ૪ | | ૧૯ | ૫ | ૫ | – | – | ૧ | ૩૪ |
| | ૧૯૭૯ | ૫ | | ૧૬ | ૫ | ૪ | ૩ | – | ૧ | ૩૪ |
| ખેત મજૂરી ઇન્તર મજૂરી | ૧૯૬૯ | ૩ | ૩ | ૧૯ | ૩ | ૬ | – | – | – | ૩૪ |
| | ૧૯૭૯ | ૨ | – | ૨ | ૪ | ૩ | ૧૩ | ૭ | ૩ | ૩૪ |
| જંગલ મજૂરી | ૧૯૬૯ | ૯ | ૨૦ | ૩ | ૧ | ૧ | – | – | – | ૩૪ |
| | ૧૯૭૯ | ૪ | ૬ | ૯ | ૧૧ | ૨ | ૧ | ૧ | – | ૩૪ |
| ગૃહ ઉદ્યોગો | ૧૯૬૯ | ૩૪ | – | – | – | – | – | – | – | ૩૪ |
| | ૧૯૭૯ | ૨૨ | ૩ | ૧ | ૨ | ૧ | ૫ | – | – | ૩૪ |

કોઠો-નં: ૯ (ચાલુ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પગાર | ૧૯૬૮ | ૩૩ | - | - | - | - | - | - | - | ૩૪ |
| (નોકરીનો) | ૧૯૭૮ | ૩૩ | - | - | - | - | ૧ | - | - | ૩૪ |
| અન્ય | ૧૯૬૮ | ૨૭ | ૪ | - | - | ૨ | - | - | ૧ | ૩૪ |
| આવક | ૧૯૭૮ | ૨૭ | ૩ | ૨ | - | - | - | - | ૨ | ૩૪ |



ખેતમજૂરી અને ઇતર મજૂરી પર મુખ્યત્વે જમીન વિહોણા કુટુંબો સવિશેષ હતા. અને તેમાંથી મૂળ મોજણી પહેલા વધુમાં વધુ ૬ કુટુંબો ૧૦૦૦ રુપિયાની નીચેની આવક મેળવતા હતા જ્યારે પુર્નમોજણી વખતે હજારથી ઉપરની આવક મેળવનારાં ૨૩ કુટુંબો હતા.

જંગલ મજુરીમાંથી પણ હજાર ઉપરાંતની આવક મેળવનારા બે કુટુંબો હતા. જંગલમજૂરીમાંથી મૂળ મોજણી ટાણે ઘણો મોટો ભાગ ૨૫૦ થી નીચેની આવક મેળવનારનો હતો. જ્યારે પુર્નમોજણી ટાણે ઘણો મોટો ભાગ જંગલમજૂરીમાંથી વિશેષ આવક મેળવતો હતો.

મૂળ મોજણી ટાણે એક પણ ગૃહઉધોગો એવો નહોતો કે જેમાંથી તપાસ હેઠળના કુટુંબો રોજી મેળવી શકે. જ્યારે પુર્નમોજણી ટાણે, થોડાક મહિનાઓ પહેલાં જ અંબર ચરખાનો ગૃહઉધોગ દાખલ કરવામાં આવ્યો હતો. ગામમાં જ બે અંબર ચરખા કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા હતા. અને પૂણી નિયમિત રીતે મળે, કંતાયેલી પૂણીની રોજી દર પંદર દિવસે મળે, અને અંબર ચરખાના સાધનો વગેરે તૂટે તો તેના સમારકામની પ્રમાણમાં સંતોષકારક કહી શકાય તેવી વ્યવસ્થા ઉભી થઇ શકી હતી અને આ વ્યવસ્થાનો લાભ પણ તપાસ હેઠળના કેટલાક કુટુંબોએ ઉઠાવ્યો હતો. અને તેમનો કોઠામાં દર્શાવ્યા પ્રમાણેની આવક પુર્નમોજણીના સમગ્ર વર્ષ દરમિયાન મળી હતી.

પુર્નમોજણી પહેલા ગામમાં જાગલીઆઓને જે પગાર મળતો હતો તેમાં થયેલો વધારો કોઠા-૯ ની પગારની આવકમાં પ્રતિબિંબિત થાય છે. આ સિવાય તપાસ હેઠળના કુટુંબોમાંથી અન્ય કોઇપણ વ્યકિત સમગ્ર આવક દરમિયાન નોકરી મેળવી શકી

નથી તેની પણ ખાસ નોંધ લેવી ઘટે.

અન્ય આવકમાં રાજાને અને તેના સંબંધીઓને વગેરેને રાજકીય પેન્શન તરીકે મળતી રકમનો તેમજ કોઇક પ્રસંગોપાત થતી ઇતર આવકનો સમાવેશ થાય છે. આ આવકમાં મૂળ મોજણી તેમજ પુર્નમોજણીના ગાળામાં ખાસ કોઇ નોંધપાત્ર ફેરફાર થયો નથી.

વપરાશી ખર્ચ:
---------

તપાસેલ મોટા ભાગના કુટુંબોની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. તેઓ પોતાનું માંડ માંડ પૂરું કરતા હોય છે. મોટે ભાગે ચોમાસામાં તેમજ આખું વર્ષ દરમ્યાન તેઓ જંગલી વનસ્પતિ તેમજ કંદ પર નભતાં હોય છે. ખાસકરીને ચોમાસામાં તેઓ તેરાના પાનની ભાજી, કુરંડુની કુમળી કુંપણો, કૂમળા વાંસનું શાક બનાવી ખાય છે. ઉનાળામાં ખોખાના પાનની ભાજી અને સીસમના પાનની ભાજી ખાતા હોય છે. તેઓ જંગલમાંથી કડવા કંદ અને રાજ કંદ લાવી બાફીને ખાય છે. વરા અને ગોપચીના રોપા પોતાના ઘરના વાડા પાસે રોપે છે. આમ તેઓ વરસનો મોટો ભાગ જંગલી કંદો અને વનસ્પતિ પર જીવન ગુજારે છે. તપાસેલ કુટુંબનો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રુ. ૮૭૫ હતું. જે વધીને ૧૯૭૯ માં રુ. ૨૦૨૬ નું થયું હતું. બીજા શબ્દોમાં કહીએ તો માથાદીઠ માસિક વાર્ષિક વપરાશી ખર્ચ અનુક્રમે ૧૯૬૯ અને ૧૯૭૯ના તપાસ વર્ષમાં રુ. ૧૫૩ અને રુ. ૩૩૧ હતું. બન્ને તપાસ વર્ષ દરમ્યાન તપાસેલ કુટુંબો વપરાશી ખર્ચના ધોરણે ગરીબીની રેખા નીચે જીવતાં હતા. વપરાશ જૂથ પ્રમાણે વાર્ષિક વપરાશ ખર્ચ નીચેના કોઠામાં દર્શાવેલ છે. આ આંકડાઓ પરથી જણાય છે કે બન્ને તપાસ વર્ષના માત્ર



એક એક કુટુંબને રુ. ૫૦૦૦ થી વધુ વાર્ષિક વપરાશી ખર્ચ હતો.

પહેલી તપાસ સમયે કુટુંબોનો વાર્ષિક વપરાશી ખર્ચ રુ.૧૫૦૦ કે તેથી નીચે હતો. જયારે ૧૯૭૯માં રુ.૧૦૦૦ સુધીનો એકેય કુટુંબને વપરાશી ખર્ચ નહોતો. આમ આ સૂચક ફેરફાર જણાયો હતો. પરંતુ એક વાત સ્પષ્ટ જણાય આવી હતી કે વપરાશના ધોરણે બધાં કુટુંબો જે તે વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા હતા.

દેવું :-
----

તપાસ હેઠળના કુટુંબોને દેવું હતુ કે કેમ અને જો તે હોય તો તે રોકડ સ્વરૂપમાં હતું કે વસ્તુના રૂપમાં તે અંગેની પ્રાપ્ત વિગતો દર્શાવે છે કે મૂળ મોજણી કરતા પુર્નમોજણી ટાણે વસ્તુના સ્વરૂપમાં દેવું કરનારની સંખ્યા વધુ હતી. મૂળ મોજણીની તુલનામાં પુર્નમોજણી ટાણે દેવું કરનારની સંખ્યા ઓછી હોવાનું પણ આ કોઠામાં તારણો [illegible] છે.

(કોઠો-૧૧ માટે જુઓ પાન નં. ૭૯)

તપાસ હેઠળના કુટુંબોને કોની કોની પાસેથી દેવું કર્યુ હતું તેની વિગત કોઠા નં. ૧૨ માં આપવામાં આવી છે.

કોઠો-૨:૧૦
----

વપરાશજૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા (રુપિયામાં)

| વર્ષ | ૧ થી ૫૦૦ | ૫૦૧ થી ૧૦૦૦ | ૧૦૦૧ થી ૧૫૦૦ | ૧૫૦૧ થી ૨૦૦૦ | ૨૦૦૧થી ૩૦૦૦ | ૩૦૦૧થી ૪૦૦૦ | ૪૦૦૧થી ૫૦૦૦ | ૫૦૦૦થી વધારે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૪ | ૨૨ | ૭ | - | - | - | - | ૧ | ૩૪ |
| ૧૯૭૯ | - | - | ૬ | ૧૦ | ૯ | ૬ | ૨ | ૧ | ૩૪ |



કોઠો-૨:૧૧
------

દેવા અંગેની વિગત (રુ.માં)

| | | ૧ થી ૨૫૦ | ૨૫૦ થી ૫૦૦ | ૫૦૦થી ૧૦૦૦ | ૧૦૦૦ થી ઉપર | દેવું નથી તેવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ દેવું | ૧૯૬૯ | ૧ | ૧ | - | - | ૩૨ | ૩૪ |
| | ૧૯૭૯ | ૫ | - | ૨ | - | ૨૭ | ૩૪ |
| વસ્તુના સ્વરુપમાં દેવું | ૧૯૬૯ | ૨૩ | - | - | - | ૧૧ | ૩૪ |
| | ૧૯૭૯ | - | ૨ | ૨ | - | ૩૦ | ૩૪ |
| કુલ દેવું | ૧૯૬૯ | ૨૪ | ૧ | - | - | ૯ | ૩૪ |
| | ૧૯૭૯ | | [illegible] | ૨ | [illegible] | ૩૦ | ૩૪ |

કોઠો-૧૨

જુદી જુદી એજન્સીવાર દેવુ

| વર્ષ | દેવું ન હોય તેવા કુટુંબો | શાહુકાર | શાહુકાર વેપારી સગા | શાહુકાર સરકાર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૦ | ૩ | ૨૧ | - | ૩૪ |
| ૧૯૭૯ | ૨૬ | ૨ | ૪ | ૨ | ૩૪ |

ઉપરના આંકડાઓનું વિશ્લેષણ કરતા જણાય છે કે શાહુકાર પાસેથી દેવું કરનારાઓનું ઠીક ઠીક મોટું પ્રમાણ હતું. દેવું ન હોય તેવા કુટુંબોની સખ્યા પુર્ન-મોજણી ટાણે વિશેષ હતી. દેવું કરનારાઓએ કયા કયા હેતુ માટે દેવુ કરેલું તેનો ખ્યાલ કોઠા નં. ૧૩ પરથી આવશે.

તપાસ હેઠળના કુટુંબોએ મુખ્યત્વે દેવુ નિર્વાહખર્ચ માટે અને કાપડ, ખાધાખોરાકી જેવી જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ મેળવવા માટે જ કર્યું છે. ખેતી વિકાસ યા ગૃહઉધોગો ની ખીલવણી જેવા ઉત્પાદક હેતુઓ માટે દેવુ કર્યાનું કોઇએ જણાવ્યું નહોતું. મતલબકે પેટનો ખાડો પૂરવા - યા અન્ન વસ્ત્ર જેવી પ્રાથમિક જરુરીયાતો મેળવવા માટે જ શાહુકારના સકંજામાં લગભગ મોટા ભાગના કુટુંબોએ સપડાવું પડયું હતું. સરકાર યા સહકારી મંડળી, શાહુકારની જેમ અસરકર્તા ધીરધારક તરીકે હજી જોઇએ



કોઠો-૧૩

હેતુવાર દેવુ

| વર્ષ | દેવુ ન હોય તેવા કુટુંબો | નિર્વાહ ખર્ચ માટે | કાપડ | ખાધાખોરાકી માટે | ઘરબાંધ કામમાં | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯ | ૧૦ | ૧૫ | ૨ | ૭ | - | ૩૪ |
| ૧૯૭૯ | ૨૬ | ૩ | ૪ | - | ૧ | ૩૪ |

તેટલી બહાર આવી શકી નથી તેનો પણ ખ્યાલ ઉપરોકત કોઠા પરથી આવે છે. તપાસ હેઠળના કુટુંબોના વડાઓના વડાઓને આદિવાસી વિકાસ કાર્યક્રમોની સાથે સંબંધિત એવા કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. જેવા પ્રત્યુત્તરો પરથી કરેલી તારવણી નીચે પ્રમાણે છે.

તમે તાલુકાની કચેરી તાલુકા વિકાસ અધિકારી યા આદિવાસી વિકાસ ઘટક અધિકારી પાસે ગયા છો કે કેમ?તેવા પ્રશ્નનો પ્રત્યુતર ૪ માહિતી દર્શકોએ નકારમાં જવાબ આપ્યો હતો. જ્યારે ૩૦ માહિતી દર્શકોએ હકારમાં જવાબ આપ્યો હતો. ૭ માહિતી દર્શકો એકલા જ આ કચેરીએ ગયા હતા જ્યારે ૨૩ માહિતી દર્શકો અન્ય કોઇની સાથે. સરપંચ, ગ્રામ સેવક, અને તલાટી ને ઓળખો છો એવા પ્રશ્નનો પ્રત્યુત્તર સર્વ માહિતી દર્શકોએ હકારમાં આપ્યો હતો.

સહકારી મંડળીના સભાસદ છો કે તેવા પ્રશ્નનો પ્રત્યુત્તર ૨૫ માહિતી દર્શકોએ નકારમાં અને ૯ માહિતી દર્શકોએ હકારમાં આપ્યો હતો. મતલબ કે કુલ માહિતી દર્શકોમાંથી માત્ર ચોથા ભાગના એ જ સહકારી મંડળીના સભાસદ હોવાનું જણાવ્યુ છે.

સરકારે ખાતર/બિયારણ આપ્યું છે તેનો માત્ર ૨ જ માહિતી દર્શકોએ હકારમાં જવાબ આપ્યો હતો. બાકીના ૩૨ જણે નકારમાં જવાબ આપ્યો હતો. તે જ રીતે ગાય, ભેંસ, કે કૂવા માટેની કે બીજી કોઇ લોન મળી છે તેવા પ્રશ્નનો ૩૨ માહિતી દર્શકોએ હકારમાં પ્રત્યુત્તર આપ્યો હતો. સરકારે બીજી કોઇ મદદ કરી છે તેનો જવાબ ૩૩ માહિતી દર્શકોએ નકારમાં આપ્યો હતો. જ્યારે એક જણે મકાન માટે રુ. ૫૦૦ની મદદ મળી હોવાનું જણાવ્યુ હતું.

કીટસનો ઉપયોગ કર્યા છે તેવા પ્રશ્નનો માહિતી દર્શકોએ નકારમાં અને માત્ર એક જ માહિતી દર્શકે હકારમાં પ્રત્યુત્તર આપ્યો હતો.

છેલ્લા દસ વર્ષમાં કોઇ જમીન ખરીદી છે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં ૧૦ માહિતી દર્શકોએ તેવી કોઇ જમીન ખરીદી ન હોવાનું અને એક માહિતી દર્શકે આદિવાસી પાસેથી ખરીદી હોવાનું જણાવ્યું હતું.

દસ વર્ષમાં આ માહિતી દર્શકોમાંથી કોઇએ જમીન વેચી ન હોવાનું યા અન્ય કોઇની પાસેથી જમીન ગીરે રાખી ન હોવાનું જણાવ્યું હતું. પણ એક માહિતી દર્શકે જમીન ભાગે ખેડતા હોવાનું જણાવ્યું હતું. કોઇ જમીન ગીરો મૂકવાનું પણ કબૂલ્યું હતું. જોકે ત્રણ જણે જમીન ભાગે ખેડવા માટે આપી હતી. આમાંથી એક જણે ઉત્પાદનમાંથી મજૂરી વાળી લેવાની શરતે અને એક જણે વાર્ષિક ૫૦૦ રુ.ની રોકડ



મેળવવાની શરતે ખેડવા આપી હતી.

વિકાસ કાર્યક્રમોથી કોઇ ફાયદો થયો છે કે કેમ તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ૧૬ જણે કોઇ ફાયદો ન થયો હોવાનું જણાવ્યું હતું જ્યારે ૧૮ જણે આ પ્રશ્નનો પ્રત્યુત્તર હકારમાં આપ્યો હતો.

આર્થિક સ્થિતિ સુધારવા માટે સરકારે શું કરવું જોઇએ તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માહિતી દર્શકો તરફથી નીચેના સૂચનો થયા હતા.

(૧) સરકારે લોનની સગવડ આપવી જોઇએ, બળદ માટે તગાવી આપવી જોઇએ.

(૨) પશુઓ માટે ઉદાર સહાય આપવી જોઇએ,

(૩) મજૂરીનું પ્રમાણ વધે તે માટેની વ્યવસ્થા કરવી જોઇએ,

(૪) કૂવા, રસ્તાઓ વગેરે ની વ્યવસ્થા કરવી જોઇએ,

(૫) રહેઠાણ માટે સુવિધા ઉભી કરવી જોઇએ,

(૬) વધુ ને વધુ બિયારણ ફાળવવું જોઇએ,

(૭) સરકારે એવી મદદ કરવી જોઇએ કે જે પાછળથી ભરપાઇ ન કરવી પડે,

(૮) વ્યાજ આપવામાંથી મુક્તિ આપવી જોઇએ.

## નિષ્કર્ષ:-

ઉપરના સમગ્ર વર્ણન પરથી તેમજ સંશોધકોએ તપાસ હેઠળના ગામની લીધેલી રુબરુ મુલાકાત પરથી લાગે છે કે તપાસ હેઠળના ગામના ભીલો સુધી અનેકવિધ વિકાસ યોજનાઓનો લાભ હજી પહોંચ્યો નથી. મૂળ મોજણી ટાણે તેમજ પુર્નમોજણી ટાણે તપાસ હેઠળના બધા જ કુટુંબોના રહેઠાણ કાચા હતા. સંખ્યાબંધ કુટુંબોને ઘરે માત્ર ટંક પૂરતું પણ અનાજ ન હોય તેવા કુટુંબો શંશોધકે જાતે જોયા હતા. જમીન ધારણકર્તા, ભીલો, તેમની જમીનનો, ગામના અન્ય કુનબી ખેડૂતોની જેમ વધુ ઉત્પાદન મેળવવામાં ઉપયોગ કરી શકયા નહોતા. ખેતી કરતાં મજૂરી પર તેમનો આર્થિક નિર્વાહ વધુ આધારિત હતો. ગામના પાયાના કાર્યકર્તાઓ તેમજ સરકારી કર્મચારીઓથી તેઓ પરિચિત હોવા છતાં પોતાના આર્થિક ઉત્કર્ષમાં સહાયભૂત થાય તે રીતે વિકાસ યોજનાઓનો લાભ તેઓ મેળવી શકયા નહોતા. શાહુકારોની પકડ હજી પહેલા જેટલી જ અસરકારક હતી. અને તે મુખ્ય ધિરાણકર્તા તરીકેનું તેનું સ્થાન હજી સાચવી રાખી શકયો હતો. પાયાની જીવન-જરુરીયાતો પૂરી પાડવા માટે જ તેમણે મહદઅંશે દેવું કરવું પડતું હતું. ઉત્પાદક હેતુઓ માટેના દેવાનો અભાવ જણાયો હતો. ખેત મજૂરી પર નભતાં સંખ્યાબંધ કુટુંબો ગામના અને અન્ય પડોશી ગામના ખેડૂતોને ત્યાં ખેત મજૂરીએ જતા હતા. મજૂરીનો દર પ્રમાણમાં ઠીક ઠીક નીચો – રુ. ૨ જેટલો જણાયો હતો. ખાસ જરુરીયાતના પ્રસંગો બાદ કરતા લઘુત્તમ રોજીના દરની ચૂકવણી થતી નહોતી. સંખ્યાબંધ કુટુંબો માટે બે ટંકનો રોટલો મળે એ એક શોખની વસ્તુ હતી બલ્કે - - દિવસમાં એકાદ ટંક જ રોટલો ભેગા થનાર એ સ્વભાવિક ક્રમ હતો. અને બન્ને ટંક માત્ર પાણીનું શીરામણ હોય તેવા દિવસો અપવાદરૂપ નહોતા. બન્ને તપાસ દરમ્યાન



બધા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતા હતા. ૧૯૬૯માં માથાદીઠ માસિક વપરાશ રુ. ૧૩ હતો જ્યારે ૧૯૭૯ માં આ પ્રમાણ રુ. ૨૮ નું હતું.

-2